Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૬ • તા. ૧૪ નવેમ્બર ૨૦૧૬ થી ૨૦ નવેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



શ્રી કુલીનકાન્ત ખોના

## શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ - પુણે દ્વારા નુતન વર્ષ ૨૦૭૩ પ્રારંભે તા. ૩૧-૧૦-૨૦૧૬ના વડિલ વંદના કાર્યક્રમ



શ્રી કેશવજીભાઈ નાગડા



શ્રીમતી હીરાવંતીબેન ધરમશી



માતુશ્રી ઉર્મિલાબેન ધરમશી



શ્રી નવીનભાઈ ધરમશી, શ્રીમતી નવલબેન ધરમશી



શ્રી વિશનજી લોડાયા



શ્રી હેમરાજભાઈ મહેશ્વરી



શ્રી લક્ષ્મીચંદભાઈ લોડાયા, શ્રીમતી શાંતાબેન લોડાયા



શ્રી માણેકજીભાઈ ધરમશી



માતુશ્રી કાન્તાબેન રતાણી



શ્રી લાલજીભાઈ મહેશ્વરી

# સાંધવનો શણગાર અને જ્ઞાતિનું ગૌરવ

વિ. સં. ૨૦૭૦ વર્ષે તપાગચ્છાધિરાજ, જૈન શાસન શિરતાજ **પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન ગુરુગચ્છ વિશ્વાસધામ વર્ધમાનાદિ તપોનિધિ **પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન પ્રચંડ પુણ્ય પ્રતિભા સ્વામી પ્રવચન પ્રભાવક **પૂ. આ. વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા**ની પૂર્વદિશામાં ૧૫૦ ઠાણાં સાથે પધરામણી થઈ. તે અવસરે અમારા કુળદિપક **ચિ. વિક્રાંતકુમાર (વીકી) પ્રફુલભાઈ ખોના**ના વ્યવહારિક અભ્યાસ CA ની ફાઈનલ ની પરીક્ષા માટે કોલકત્તા રહેવાનું થયું. જાણે ભવિતવ્યતા એ જ આખુંયે આ આયોજન ગોઠવ્યું ન હોય! તેમ શ્રી સમેતશિખરજી તળેટી તીર્થ વર્ષોવાસ પસાર કરી રહેલા, તે પૂજ્યોની પ્રવચન ગંગામાં સ્નાન કરવા માટે કોલકત્તા સ્થિત સંયમી સંસારી કલ્યાણ મિત્રો દ્વારા પ્રેરણા અને પૂજ્ય ભવ્યયશ વિજયજી મહારાજ દ્વારા પ્રાપ્ત થઈ.

અધ્યાત્મ અને વૈરાગ્યમાં ઝાકળબોળ કરનારા તે જિનવાણીના પ્રવાહે બાળપણમાં મળેલા ધર્મના સંસ્કારોને ઝંકૃત કરવાનું કામ કર્યુ. પરિણામે 'તેજીને ટકોરો બસ!' ના ન્યાયે તેનો આત્મા જાગી ગયો. ભૌતિકતાનો આંચળો ઉતારીને સં. ૨૦૭૧માં કોલકત્તા ભવાનીપુરમાં તેઓશ્રીની નિશ્રામાં ચાર્તુમાસ દરમ્યાન ગૃહવાસ છોડી ગુરુકુલવાસનો સ્વીકાર કર્યો. ઉત્કટ વૈરાગ્યના પ્રભાવે એક બાજુ વર્ધમાન તપનો પાયો, નિરંતર બિયાસણા, એકાસણા, જ્ઞાનપાંચમનો ઉપવાસ, વદ દશમ તપ અને અવસરોચિત પૌષધ, દેશાવગાસિક આદિની આરાધના અને બીજી બાજુ સૂત્રમાં પંચપ્રતિક્રમણ, જીવવિચાર, પંચસૂત્ર-પ્રથમ નવતત્વ, વૈરાગ્યશતક, હૃદયપ્રદિપ આદિના સૂત્ર અને અર્થ કંઠસ્થ કરવારૂપ પ્રારંભાયેલી જ્ઞાનસાધના. આ રીતે જ્ઞાન અને ક્રિયાના પૈડા ઉપર ઉભેલો સાધનાનો રથ વેગ પકડવા લાગ્યો.

ચાર્તુમાસના અંતે પૂજ્યોના મંગલ સાનિધ્યમાં જ શ્રી સમેતશિખર તીર્થ (ઝારખંડ) થી લઈને સુરત, નવસારી (ગુજરાત) સુધીની લગભગ ૨૫૦૦ કિ.મી. જેટલી દડમજલ ખુલ્લા પગે ચાલીને પૂર્ણ કરી, જેમાં અનેકજાતના અનુકુળ, પ્રતિકુળ અનુભવો સહ ત્રણેય ઋતુને યાદ કરાવનારી કુદરતી પરીક્ષા, વિવિધ ગામોના અલગ ખોરાક - પાણીની શરીરની પરીક્ષા અને નિર્વિકલ્પપણે આજ્ઞાની આરાધના અને વિરાધનાના ત્યાગપૂર્વક એક માત્ર સમભાવને સાધવાના પ્રયત્ન સ્વરૂપ ત્રીજા પ્રકારની માનસિક પરીક્ષા. આવી અનેકાનેક પરીક્ષામાં અમારો કુળદિપક પસાર થઈને 'સાચું સોનુ' પૂરવાર થયો છે. જે અમારા માટે આનંદનો અવસર છે સાથોસાથ સમગ્ર કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું પણ ગૌરવ છે.

આપ સહુ સપરિવાર સવેળા પધારી શાસન શોભામાં અભિવૃધ્ધિ કરો, તેવી હાર્દિક વિનંતી સહ.

**લી. સાંધવ (કચ્છ) વતની હાલ થાણા (મુંબઈ) નિવાસી**
**માતુશ્રી વેજબાઈ દેવજીભાઈ ખોના પરિવાર વતી**
**શ્રી રમેશભાઈ દેવજીભાઈ ખોના ના જય જિનેન્દ્ર**

### અમારા મોસાળ પક્ષ પરિવારમાંથી સંયમ સ્વીકારનારા ઉપકારી ગુરુભગવંતો :

પૂ. મુનિરાજશ્રી ભવ્યયશ વિજયજી મ.સા.
પૂ. સા. શ્રી વિનય દર્શિતાશ્રીજી મ.સા.
પૂ. સા. શ્રી નમ્રપ્રજ્ઞાશ્રીજી મ.સા.
પૂ. સા. શ્રી અર્કપ્રજ્ઞાશ્રીજી મ.સા.
પૂ. સા. શ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.
પૂ. સા. શ્રી નિર્વાણ પ્રજ્ઞાશ્રીજી મ.સા.



### પદાભિષેક પલ :

વિ. સં. ૨૦૭૩, માગસર સુદ ૧૧,
શનિવાર, તા. ૧૦/૧૨/૨૦૧૬

### સમારોહ સ્થળ :

શ્રી સમેત શિખરજી
જૈન શ્વેતાંબર તળેટી તીર્થ,
મધુબન, પો. ગીરડીહ, ઝારખંડ.

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 46/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## જૈન ધર્મની મહાનતા – આપણી પામરતા – પ્રવિણ લોડાયા, વડોદરા

યુનિવર્સિટી ઓફ સાનફ્રાનસિસ્કોના જીનીયસ પ્રોફેસર નોએલ કયું કિંગે ''જૈનિઝમ અ પિક્ટોરિયલ ગાઈડ ટુ ધ રિલિજીઅન ઓફ નોન વાયલન્સ'' નામના વોલ્યુમનું સંપાદન કહ્યું છે, જેમાં તેઓ કહે છે :

**ભગવાન મહાવીરે માનવ જગતને જીવન જીવવાની અદ્‌ભૂત પધ્ધતિ બતાવી છે.**

વિદેશીઓ કેટલા ખંતથી અને અભ્યાસુ વૃત્તિથી જૈન ધર્મનો અભ્યાસ કરી રહ્યા છે તે નવાઈ પમાડે એવું છે.

જર્મન પ્રોફેસર જેકોબીએ બે દળદાર વોલ્યુમ જૈનીઝમ પર લખીને વિશ્વને ભેટ ધર્યા છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં પુષ્કળ જૈન સાહિત્ય રચાયું છે. આજે ઘણી ટોચની યુનિવર્સિટીઓમાં જૈનીઝમ એક સબજેક્ટ તરીકે ભણાવાય છે. દેશ-વિદેશના ઘણા વિદ્યાર્થીઓ સ્કોલર બની ચૂક્યા છે. જેમાં જર્મન, બ્રિટીશ, ઉપરાંત ડચ, અમેરિકન, કેનેડિયન અને ઈટાલિયન પણ છે.

જૈન ધર્મને અન્ય ધર્મો કરતાં માનથી જોવાય છે. ત્યાં ભણીને જે સ્કોલર નિકળે છે તે જૈન ધર્મને બીન ઉપદ્રવી અને વિશ્વ કલ્યાણના તારણહાર તરીકે મૂલવે છે.

વિશ્વમાં જે વિદેશી સ્કોલરોએ જૈન દર્શનમાં પ્રદાન આપ્યું છે, તેઓએ સ્થાનકવાસી, દેશવાસી, દિગમ્બર કે તેરાપંથી જેવા ભેદ નથી જોયા. ઓવરઓલ જૈન ફાંટાઓને એક ધર્મ તરીકે જોયા છે.

જ્યારે આપણે આપણા ધર્મને સંપદાય બનાવી દીધો છે. તેરાપંથના આચાર્ય શ્રી મહાપ્રજ્ઞ જેઓ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દલ કલામ સાથે એક પુસ્તક લખવાના હતા, પરંતુ તેઓ અચાનક કાળધર્મ પામવાથી એ પુસ્તક લખાયું નહીં જે આપણું દુર્ભાગ્ય છે. મેં એમને એક પ્રશ્ન પુછેલો જેનો જવાબ મને સમજાયો નહીં એટલે મેં આપણા એક મુનિ ભગવંતને સમજાવવાનું કહ્યું ત્યારે એમણે કહ્યું કે આવા પ્રશ્નોના જવાબ અમે આપતા નથી. અમે ફક્ત વીરની પછેડીને નમીએ છીએ. ત્યારે મને દુઃખ થયું અને વિચાર આવ્યો કે શું તેરાપંથીવાળા બુધ્ધની પછેડીને નમે છે ? કેવી સંકુચિતતા ?

જ્યારે ઓસ્ટ્રેલિયા, મલેશિયા, થાઈલેન્ડ અને હોંગકોંગમાં જ્યાં 'જૈન ડાયસ્પોરા' છે ત્યાં એમણે કોઈ ભેદ રાખ્યો નથી. ફલોરિડા યુનિવર્સિટીમાં જૈન સ્ટડીઝ માટેની ચેર છે. ટેક્સાસમાં

## અત્યાર સુધીના લગભગ જવાબ 'YES' માં અભિપ્રાય મોજણીમાં સહયોગ આપો : મુખ્ય હોદાઓની માટે બેમુદત મર્યાદા હોવી જોઈએ ?

ક.દ.ઓ. મહાજનમાં સર્જિકલ સ્ટ્રાઈક : મુખ્ય હોદાઓ માટે બે મુદતની મર્યાદા જોઈએ ? એ લેખ આપને વિચારવા લાયક લાગ્યો હોય તો આપને વિનંતિ છે કે 09725015107 પર ફક્ત 'YES' or 'NO' વોટસ-એપ માં મેસેજ મોકલી આપશો. એવા અનુરોધના પ્રત્યુત્તર રૂપે ઘણી ઓછી સંખ્યામાં જવાબ આવ્યા છે ને તેમાં 'YES' વીનમાં છે. કેટલાક લોકોએ નો'YES' or 'NO' માં જવાબ આપવાને બદલે આ અભિપ્રાય મોજાણી અંગે નારાજગી દર્શાવી જેમ છે તેમ ચાલવા દેવાની તરફેણ કરી છે. તેમનું કહેવું છે કે આમ પણ જ્ઞાતિમાં જાહેર જીવનમાં આવનારા ઓની સંખ્યા ઓછી છે ત્યારે આવી વાત શા માટે ? અલબત્ત, અભિપ્રાય મોજાણી ચાલુ જ છે.

નોંધપાત્ર સંખ્યામાં "YES"ના મેસેજ આવેથી સમસ્ત મહાજનને વિનંતિ કરશું કે તેઓ આ બાબતે ઠરાવ કરીને દરેક મહાજનને મોકલે જેથી એના પર યોગ્ય તે કાર્યવાહી થઈ શકે.

– **પ્રવિણ લોડાયા**, વડોદરા

આવેલી રાઈસ યુનિવર્સિટીમાં જૈન ફેલોશીપ શરૂ થવાની છે. આ બધાને આશ્ચર્ય થાય છે કે ભારતમાં વસતા જૈનોમાં આટલી સંકુચિતતા કેમ ?

ક્યાં સુધી આપણે અનેકાંતવાદી ધર્મના અનુયાયી થવાને બદલે ધર્મની બાબતમાં પહેલાં ધોરણમાં ભણતા રહેશું ? દસમાં, બારમાં પછી એમબીએ કેમ કરતા નથી ? મેં ઘણા જૈનોને ૪૦/૪૦ વર્ષોથી પુજા કરતાં, તપસ્યા કરતાં, પ્રતિક્રમણ કરતાં જોયા છે પણ આચાર-વિચારમાં જૈન હોય એમ આપણને લાગે નહીં શું જીવનભર પુજા (બાહ્યાચાર) જ કરતાં રહેશું ? ક્યારે ભગવાને આપેલું જ્ઞાન જીવનમાં ઉતારશું ?

ભગવાન મહાવીરે આપેલો પૃચ્છના શબ્દનો ક્યારે આપણે ઉપયોગ કર્યો છે ? આપણી જાતને ક્યારે પ્રશ્ન પુછયો


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


છે કે ફુલ ચડાવવાથી હિંસા નથી થતી ? ઘીનો દીવો કરવાથી હિંસા નથી થતી ? આવા ઘણા સુક્ષ્મ પ્રશ્નો છે જેનો જૈનો તરીકે આપણે પોતે વિચાર કરવો રહ્યો !

સમસ્ત જ્ઞાતિ અચલગચ્છને અનુસરતી હોવા બાબત ગૌરવ અનુભવતા આપણે એ પણ વિચાર કરી શકીએ કે પ્રારંભના અચલગચ્છના પ્રમુખશ્રી નારાણજી શામજી મોમાયા જેમને અચલગચ્છની સમાચારી વિશે કોઈ પણ પ્રશ્ન પુછો તો તરત જવાબ મળે. એમના જેવો અભ્યાસ આપણે ક્યારે કરશું?

આપણને કેમ વિચાર નથી આવતો કે સોરબીટ્રેટની ગોળી હાર્ટએટેક માટે આખી દુનિયામાં બધા ડૉક્ટરો આપે છે, તેમાં કોઈ ભેદ નથી. સમસ્ત ૭-૮ અબજની વસતીમાં આજ ગોળી અપાય છે તો આપણા ધર્મમાં આટલા ભેદ કેમ ? જ્યાંથી પણ જૈન ધર્મનું ખરું જ્ઞાન મળે ત્યાંથી લેવામાં આપણને સંકોચ શા માટે ?

ભલે એ શ્રીમદ રાજચંદ્ર હોય, દાદા ભગવાન હોય, કાનજી સ્વામી હોય કે કુંદકુંદાચાર્ય હોય જ્યાંથી પણ પ્રભુની વાણી સાંભળવા મળે, સમજવા મળે ત્યાંથી ગ્રહણ કરીએ તો આપણી સંકુચિતતા ઘટે અને ખરા અનેકાંતવાદી જૈન બનાય આ બધા વીરની પછેડીને માને છે.

પૃચ્છના એટલે પ્રશ્ન પુછવા સંબંધે મેં અલગ-અલગ ભગવંતોને પ્રશ્ન પુછયો કે અમદાવાદમાં ચાતુર્માસ દરમિયાન પાંચ-આઠ-દસ અને હૈદ્રાબાદમાં એક ૧૪ વરસની કન્યાએ ૬૮ અપવાસ કર્યા તે વાજબી છે ? ત્રીસ મહારાજ સાહેબોમાંથી ક. મ. સાહેબ છોડીને બધાએ એક સૂરમાં 'ના' પાડી.

આપણને ક્યારે વિચાર ય આવે છે કે આટલા નાના બાળકોના મેટાબોલીઝમ પર જૈન ઉપવાસની શું અસર પડે ? એમના શરીરના બંધારણને નુકસાન થાય કે નહીં ? કેટલા જૈન ડોક્ટરોના દિકરાઓએ આ ઉમરમાં અઠ્ઠાઈઓ કરી છે ? અમેરિકામાં આટલા નાના બાળકો અઠ્ઠાઈઓ કરે તો તેમના મા-બાપોને કેટલી સજા થાય ?

પ્રભુએ કહ્યું છે કે જે જ્ઞાન મેળવવા માટે તપ કરે તેને તપ કહેવાય અન્યથા ભુખમરો કહેવાય. ત્યારે આપણે સમજ્યા વગરના ઉપવાસ કરી ભગવાનની વાણીનો અનાદર નથી કરતાં ? હા, ૧૮ વર્ષની ઉમર પછી જ્ઞાન મેળવવા અને તપસ્યા કરવા બદલ ખૂબ અનુમોદના કરવી જોઈએ. તેમાં ના નહીં.

જૈન ધર્મને ખરા અર્થમાં સમજી સમજાવનારા વિશ્વના જૈન દૂતોને જાણીએ : ફ્રાન્સના પ્રો. શ્રીમતી કોલેટ કેઈલાટ અને એડ્રીનબર્ગ યુનિવર્સિટીના પ્રોફેસર પોલ ડુન્ડાસ જૈન

અનુસંધાન પાના નં. ૬ પર

|| અનંતલબ્ધિનિધાય શ્રી ગૌતમસ્વામિને નમઃ || || વડાલા સંઘના રાજરાજેશ્વર શ્રી સંભવનાથાય નમો નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ||

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

ના આંગણે યોજાયેલ

## સમસ્ત અચલગચ્છીય સંઘોનું "ગચ્છ ઉત્કર્ષ સ્નેહમિલન"

## ઐતિહાસિક અને સફળ નિવડ્યુ.

: દિવ્યકૃપા :
રાષ્ટ્રસંત શાસનસમ્રાટ
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.

: શુભ આજ્ઞા આશિષ :
૫૦માં (સ્વર્ણિમ) વર્ષીતપના આરાધક
તપસ્વીસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

: શુભ આશિષ :
સાહિત્યદિવાકર,
સૌમ્યસ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી
**કલાપ્રભસાગરસૂરીશ્વરજી**
મ.સા.

### ગચ્છ ઉત્કર્ષ સ્નેહમિલનમાં ચર્ચાયેલ મુદ્દા :

શા માટે પખ્ખી પ્રતિક્રમણ (પક્ષિક પ્રતિક્રમણ) પૂનમ/અમાસે જ કરવુ.

શા માટે સંવત્સરી પર્વની આરાધના પાંચમના જ કરવી.

શા માટે સાધુ-સાધ્વીજી ભગવંતોને શ્રાવક - શ્રાવિકાઓ પ્રતિક્રમણ સાથે ન થાય.

શા માટે ઉપધાન તપ ન કરાય ?

શા માટે દરેક ધાર્મિક ક્રિયામાં નવકાર મંત્ર જ બોલવો,
"નમોઽર્હતસિદ્ધાચાર્યોપાધ્યાસર્વસાધુભ્ય" નહી.

શા માટે ચંદનપૂજામાં નીચેથી ઉપર જવાનું છે.

: સ્નેહમિલનના પ્રમુખ સ્થાને :
શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ)
શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ
**શ્રી વિનોદભાઈ ગંગર (ગોધરા)**
ઉપસ્થિતિ :
અચલગચ્છીય સંઘો/મહાજનો/મંડળો



: શુભ નિશ્રા/આશિષ :
૧૫માં વર્ષીતપના આરાધક,
અજોડ શાસનપ્રભાવક
પ.પૂ. ગણિવર્ય ભગવંતશ્રી
**કવીન્દ્રસાગરજી** મ.સા.
આદિ ઠાણા અને
પ.પૂ.સા.શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. ની
પણ નિશ્રા સાંપડી

આવી અનેક બાબતો પર અચલગચ્છીય વિધિ/ક્રિયાઓ/પરંપરાઓની
સચોટતા, પવિત્રતાનો આગમપાઠ ટાંકીને પરિચય આપવામાં આવ્યું.
ખરેખર અચલગચ્છીય પરંપરાઓ / વિધિઓ આચાર પાળવામાં જ આપણા આત્માનો હિત છુપાયેલો છે.
બાકી કોઈની વાતોમાં આવીને પરંપરાઓ / ક્રિયાઓ છોડવામાં ગુમાવવાનું જ છે, પામવાનુ કોઈ નથી
આ મુદ્દા પર ચર્ચા થઈ અને સાથે સાથે...

- ગચ્છ વિકાસ માટે કયા કયા પગલાં લેવા જોઈએ ?
- ગચ્છ સુરક્ષા માટે શું શું કરવું જોઈએ ?
- ગચ્છને પહોંચતા નુકસાનથી બચવા કઈ કઈ તકેદારીઓ રાખવી જોઈએ ?
- બાળકો, યુવાનોને કઈ રીતે પ્રોત્સહીત કરી શકાય ?
- નવ નિર્માણ પામતા સંઘો, સ્થાનો અને જિર્ણોદ્ધાર બાબતે...

આવા પણ વિચારો પર સ્નેહમિલન દરમ્યાન ચર્ચા થઈ.

આવા અનેક પ્રકારના મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક ચર્ચા અને
અચલગચ્છની એક એક પરંપરાઓ / ક્રિયાઓ કેટલી મહાન છે, હિતકારી છે એને પ્રગટ કરતું

## 'ગચ્છ વિકાસની ગુરૂચાવી'




નામની પુસ્તિકામાં અદ્ભૂત માર્ગદર્શન આપવામાં આવ્યું છે.
અમારા સંઘની નમ્ર વિનંતી છે
દરેક મહાજન, દરેક સંઘ, દરેક મંડળ, એક એક યુવાન,
એક એક ભાવિક આપ આ પુસ્તકનો વાંચન કરો,
ચિંતન કરીને હૃદયને ગૌરવથી ભરી દયો,
હૃદયને ખુમારીથી છલકાવી દયો કે કેવી મહાન પરંપરા આપણે પામ્યા છીએ,
એ પરંપરા / ક્રિયાઓની આરાધના કરીને આત્મકલ્યાણ સાધીએ ને
ગચ્છ પ્રત્યે વફાદાર અને નિષ્ઠ બનીએ એ જ મંગલ કામના....

"ગચ્છ ઉત્કર્ષ સ્નેહમિલન" માં
આપે અમુલ્ય સમય કાઢી
જે ગચ્છ પ્રત્યે પ્રેમ અને નિષ્ઠા દેખાડી
તે દરેક મહાજન, સંઘ, મંડળનું
અમે નતમસ્તકે અનુમોદના કરીએ છીએ.

**પોતપોતાના સંઘની પેઢીમાંથી**
**તા. ૨૦ નવેમ્બર થી મેળવી લેવી.**

**સંઘના આગેવાનોને નમ્ર અનુરોધ**
આપ આ પુસ્તક વાંચજો અને
સંઘના દરેક સભ્યને પુસ્તક વાંચવાની પ્રેરણા આપશો.

**લિ. શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ – ટ્રસ્ટીઓ અને ચાતુર્માસ કમિટિ**

અશોક સોમચંદ દંડ (વરાડીયા) — હરખચંદ મેઘજી ગાલા (બાડા)
શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી (સુથરી) — કિરણ વેરશી ગડા (ચિઆસર)
ચાતુર્માસ ચેરમેન : અ.સૌ. દર્શના અશ્વિન ધરમશી (કોઠારા), વાઈસ ચેરમેન : મહેન્દ્ર માવજી સાવલા (મોથારા)

BINITA S. MARU - 9869034162

અનુસંધાન પાન નં. ૨૮ પરથી

## હેમાંગી સચીન ગિરીશ બીપીન કુમાર નાગડા (નલીયા)ને મળતાવડી ક.દ.ઓ. જ્ઞાતિમાં પરણવાનું ગૌરવ છે.

સચીને પોતાના ઘરે કમ્પ્યુટર લીધું તે જોવા હેમાંગી પ્રથમ વખત તેના ઘરે અનંત નિવાસ આવી અને ગિરીશભાઈના પરિવારને પ્રથમ વખત મળી. કહેવાની જરૂર નથી કે મળતાવડા નાગડા પરિવારના સ્નેહપૂર્ણ વ્યવહારથી ભીંજાવેલી હેમાંગીએ મનોમન એ પરિવારના સભ્ય થવાનું નક્કી કરી લીધું અને ખાસ તો હેમાંગીએ યોજેલા નિમિત્તોએ બન્ને અવારનવાર મિત્રો તરીકે મળવા લાગ્યા જેના એક તબક્કે જીવનસાથી બનવાનો નિર્ણય લીધો.

નાગડા પરિવારે જરાય સંકોચ વગર હેમાંગીને પરિવારના બનાવવાનો નિર્ણય કર્યો. હેમાંગીના પિતા શિવાજી ચૌધરીને પણ આ સંબંધ પ્રથમ દૃષ્ટિએ ગમ્યો પણ પોતાની કન્યા હેમાંગી જે આત્મવિશ્વાસ અને પરિસ્થિતિ સાથે તાલમેલ સાધવાના કૌશલ્ય ધરાવતી હોવાથી કચ્છી-ગુજરાતી પરિવારમાં અનુરૂપ થવાની શક્તિવાળી છે એટલે આવકાર પામશે એ વાતનો પોતાના જ પોતાના મનને સ્વીકાર કરાવતા એમણે લાંબા મનોમંથનમાંથી પસાર થવું પડ્યું.

આજે બન્ને પરિવારો વચ્ચે એટલે મેળ છે કે ચૌધરી પરિવારની વધુ એક કન્યા નાગડા પરિવારમાં આવવાની છે.

આ સમાચાર જાણી **પ્રકાશ સમીક્ષાને એક વિચાર આવ્યો કે  નાતમાં જ પરણેલી નાતની કન્યા તો પોતાની નાત જેવી પણ હોય તેને સહજ માનવાની, જ્ઞાતિ વિશે ખરું ચિત્ર મેળવવા બહારથી આવેલી કન્યા કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ વિશે શું માને છે તે વિશે અભિપ્રાય મોજણી કરવી અને તેનો પ્રારંભ હેમાંગીથી કરવો.** હેમાંગી સમક્ષ ત્રણ પ્રશ્ન મૂકવામાં આવ્યા.

**પ્રશ્ન ૧ : તમને નાગડા પરિવારનો વ્યવહાર ગમ્યો એટલે તેની ખાતરી કરીને તમે એ પરિવારના સભ્ય બન્યા પણ ક.દ.ઓ. જ્ઞાતિ વિશે તો તેમ નહોતું તમને આ જ્ઞાતિનો તમારા પ્રત્યેનો વહેવાર કેવો લાગ્યો ?**

ઉત્તર – અત્યારસુધીના મારા અનુભવ પરથી હું નિશ્ચિત રીતે કહી શકું છું કે થોડા અપવાદો સિવાય આખીય ક.દ.ઓ. જ્ઞાતિ મળતાવડી અને નવા આચાર-વિચારોને વધાનવારી છે.

**પ્રશ્ન ૨ : ક.દ.ઓ. જ્ઞાતિમાં મહિલાઓનો દરજ્જો અન્ય સમુદાયની તુલનામાં કેવો છે.**

ઉત્તર – ખૂબજ સારો

**પ્રશ્ન ૩ : નિર્ણય લેવાની પ્રક્રિયામાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિમાં મહિલાઓના અભિપ્રાયને મહત્ત્વ અપાય છે ખરું ?**

ઉત્તર – જ્ઞાતિ સ્તરે શું સ્થિતિ છે એ મને વધુ ખબર નથી અમારા પરિવારમાં તો મારા મંતવ્યનો આદર થાય છે.

### ક.દ.ઓ. જ્ઞાતિની પુત્રવધુ બનેલ પરનાતની કન્યાના જ્ઞાતિ વિશેના અભિપ્રાયો આવકાર્ય છે.

અહીં પુછાયેલા ત્રણ પ્રશ્નો સાથે ક.દ.ઓ. જ્ઞાતિની પુત્રવધુ બનેલ પરનાતની કન્યાના જ્ઞાતિ વિશેના અભિપ્રાયો આવકાર્ય છે.

પ્રશ્નો : જ્ઞાતિમાં ભળી જવામાં તેમણે કોઈ મુશ્કેલી નડી ?, આ જ્ઞાતિમાં મહિલાઓનો દરજ્જો કેવો છે ? અને આ જ્ઞાતિમાં મહત્વના નિર્ણય લેતી વખતે સ્ત્રીઓના અભિપ્રાયોને કેટલું મહત્વ અપાય છે.

**જૈન ધર્મની મહાનતા – આપણી પામરતા** પાના નં. ૪ પરથી

ધર્મનું શિક્ષણ આપે છે.

ઈટાલીના જાણીતા પોપ ગાયક કબોડીયા પાસ્તારિઓએ જૈન ધર્મ અપનાવેલ છે. તેઓ વેજ, અહિંસાને કેન્દ્રસ્થાને રાખીને ગીતો લખે છે, કંપોજ કરે છે અને ગાય પણ આપે છે.

આ ઉપરાંત કેનેડા, જર્મની તેમજ નેધરલેન્ડની યુનિવર્સિટીમાં જૈન ધર્મ પર શિક્ષણ આપતા રોબર્ટ ઝામડેબોસ પણ જૈન ધર્મથી રંગાઈ ચૂકયા છે અને વિશ્વ સ્તરે શિક્ષણ સાથે તેનો પ્રચાર-પ્રસાર પણ કરી રહ્યા છે.

આ લેખનો હેતુ એ છે કે હવે આપણે ક્રિયાકાંડ (બાહ્યાચાર)માંથી બહાર આવીએ અને ભગવાને આપેલી વાણીનો અભ્યાસ કરીએ. તેમણે આપેલા જ્ઞાનને જીવનમાં વણીને આપણા મહાન ધર્મને તથા આપણા જીવનને ઉજ્જવળ કરીએ.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

### લગ્ન સંબંધિ

Well Settled વિધૂર યુવક ઉમર વર્ષ ૬૦ નિઃસંતાન માટે યોગ્ય જીવનસાથી સંસ્કારી યુવતિ, વિધવા તથા છૂટાછેડાવાળી આવકાર્ય છે. મોબાઈલ નંબર 094201 23929 ઉપર સંપર્ક કરવો.

## એક જ ગોત્ર (કુળ)માં લગ્ન કરવાં ઈચ્છનીય નથી.

ક્યારેક આપણી પત્રિકાની જીવનચક્ર કોલમમાં એક જ અટકધારી યુવક-યુવતીના સગપણ (કે લગ્ન)ના સમાચાર છપાય છે. પૂછપરછ કરતાં એવી દલીલ સાંભળવા મળે છે કે અટક ભલે એક છે પણ બંને કુટુંબોની કુળદેવી અલગ છે. સામાન્ય રીતે એક એવી દઢ માન્યતા છે કે એક જ અટકધારી તમામ કુટુંબોનો વડદાદો (સ્થાપક) એક જ હોય છે. ઝાડનું મૂળ તો એક જ હોય પણ ઘણી બધી ડાળીઓ ચારે કોર વિસ્તરેલી હોય છે. શાખા કે ડાળીથી અલગ હોવાથી ઝાડનું મૂળ બદલાઈ જતું નથી. એટલે એક જ અટકમાં લગ્ન કરવાં ઈચ્છનીય નથી. એટલું જ નહિ, જ્ઞાતિ અલગ હોય અને ગોત્ર એક જ હોય તો પણ લગ્ન કરવાં ઇચ્છનીય નથી. દા.ત. છેડા, ગાલા, મોતા વગેરે. દશા અને વીશામાં આવી ઘણી અટકો કોમન (એકસરખી) છે હરિયાણાં જેવાં રાજ્યોમાં એક જ ગોત્રમાં લગ્ન કરનાર યુવક-યુવતીને ભારે ગંભીર પરિણામો ભોગવવાં પડે છે.




આપણા કે કોઈ પણ જ્ઞાતિના વડવાઓએ પોતાના અનુભવોના નિચોડમાંથી કેટલાક નિયમો ઘડેલા હોય છે. એક જ અટકધારી યુવક-યુવતી ભાઈ-બહેન જ ગણાય અને ભાઈ-બહેન ક્યારે પણ એકમેકની સાથે લગ્ન ન કરે. એક જ અટકમાં જો લગ્ન કરવામાં આવે તો સામાન્ય રીતે તેનાથી થનારી સંતતિ શારીરિક અને માનસિક રીતે નબળી હોય છે. તેમનામાં રોગપ્રતિકારક શક્તિ તદ્દન ઓછી હોય છે. તેઓ જલ્દીથી અમુક રોગોના ભોગ બનતા હોય છે.

જેમ એક, જ ગોત્ર (કુળ)માં લગ્ન કરવાં ઇચ્છનીય નથી તેવી જ રીતે એક જ કુળદેવીને નમતા યુવક-યુવતીએ (અટક અલગ હોવા છતાં પણ) લગ્ન કરવાં ઇચ્છનીય નથી. કુળદેવી એક જ હોય તો કુળ પણ એક જ થયું કહેવાય. ૧૫-૨૦ પેઢી પહેલાં એ બંને અટકોના તાર (કનેક્શન) એક જ હોવા જોઇએ. એક દાખલો લઇએ. છેડા કુટુંબોની કુળદેવી અંબામા છે. તેવી જ રીતે ધરમશી કુટુંબોની કુળદેવી પણ અંબામા છે. એવું બન્યું હોય કે વરસો પહેલાં છેડા કુટુંબના ત્રણ કે ચાર સગા ભાઈઓમાંથી એક ભાઈ અલગ થયો હોય અને પોતાની અટક બદલાવી નાખી હોય. (જેમ નામ બદલી શકાય છે તેમ અટક પણ બદલી શકાય છે) અથવા તો એનું નામ ધરમશી હોય અને એના મરણ પછી એના વારસોએ પિતાના નામ ઉપરથી જ ધરમશી અટક શરૂ


।। શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ।।

**શ્રી રાપરગઢ - નાની સિંધોડી જૈન સંઘ** આયોજીત

**૮ મું સ્નેહ મિલન**

**શુભ દિવસ : તા. ૧૧/૧૨/૨૦૧૬ રવિવાર**

સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે.

**વિશેષ આકર્ષણ : સંગીતકાર જીગીશા રાંભીયા અને સાથી કલાકારો**

**સ્નેહમિલનની રૂપરેખા**

| | |
|---|---|
| સમય | સાંજે ૩.૩૦ વાગ્યાથી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી |
| સ્થળ | શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ભાંડુપ, મુંબઈ |
| ભાવતા ભોજનીયા | સાંજે ૫.૩૦ વાગ્યાથી ચૌવિહાર સાથે |
| વિશેષ આમંત્રણ | બહાર ગામ વસતાં ગામવાસીઓને સમયસર ટીકીટની વ્યવસ્થા કરવા વિનંતી. |

**લાભાર્થી : માતુશ્રી સોનબાઈ વિશનજી નાગડા પરિવાર**

સૌજન્ય : **અ.સૌ. પ્રવિણાબેન રાયચંદ નાગડા પરિવાર**

|| શ્રી મહાવીર સ્વામીને નમઃ || || શ્રી સુવિધિનાથાય નમઃ || || શ્રી આદીનાથાય નમઃ ||

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

તા. ૯/૧૧/૨૦૧૬

## સામાન્ય સભા

પ્રતિ,
જખૌ મહાજન સભ્યો જોગ,

જય જીનેદ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રી ની સામાન્ય સભા રવિવાર તા. ૦૪/૧૨/૨૦૧૬, બપોરના ૩.૦૦ કલાકે, શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વ) ખાતે બોલાવવામાં આવેલ છે.

એજન્ડા

૧. તા. ૧૦/૦૧/૨૦૧૬ ની સામાન્ય સભા ની કાર્યવાહી નું વાંચન અને બહાલી.
૨. મહાજનના વર્ષ ૨૦૧૫-૨૦૧૬ આન્વેષીત હીસાબોની રજુઆત અને બહાલી.
૩. વર્ષ ૨૦૧૬-૧૭ માટે ઓડીટરની નેમણુંક અને માનધન નક્કી કરવા બાબત.
૪. આવક - જાવક પત્રોનું વાંચન.
૫. પ્રમુખશ્રી ની મંજુરીથી જે રજુ થાય તે.

નોંધ : કોરમ ના અભાવે મુલતવિ રહેલ સભા અડધા કલાક બાદ એજ સ્થળે મળશે જે માટે કોરમ ની જરૂર રહેશે નહી તથા એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરાશે જેનો નિર્ણય સર્વે સભ્યોને માન્ય રહેશે.

લી.
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન
શ્રી કેશરસીંહ આણંદજી ખોના શ્રી નીલેશ (નયન) રમેશ મોમાયા
માનદ્ મંત્રીઓ

# ભાવભિની શ્રધ્ધાંજલિ



**મોક્ષગામી સંજય દામજી લોડાયા**

નથી હયાત પણ સાથે છે એવુ હમેશા લાગ્યા કરે, હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે,
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે, યાદોમાં તમારા પ્રત્યક્ષ-પરોક્ષ દર્શન થયા કરે
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન વ્યવસ્થાપક સમિતી**

માતુશ્રી મુરબાઈ વેરશી ખીમજી જીવાણી પરિવાર
માતુશ્રી ગંગાબાઈ ખેતશી મુરજી શિયાડ પરિવાર
માતુશ્રી લીલબાઈ શિવજી જીવરાજ લોડાયા (પટેલ) પરિવાર
માતુશ્રી લીલાવંતીબાઈ કેશવજી ધનજી મોતા પરિવાર
માતુશ્રી જયાબાઈ ગોવિંદજી પત્રામલ મૈશેરી પરિવાર
માતુશ્રી સોનબાઈ વિસનજી ખીમજી મૈશેરી પરિવાર
માતુશ્રી લીલાવંતીબાઈ વિશનજી શામજી સોની પરિવાર
માતુશ્રી કસ્તુરીબાઈ ખેતશી ચાંપશી શિયાડ પરિવાર
માતુશ્રી મલ્યાબાઈ આણંદજી નથુભાઈ ખોના પરિવાર
માતુશ્રી પ્રેમાબાઈ ખીમજી મુરજી શિયાડ પરિવાર

કરી હોય. પોતાની મૂળ કુળદેવી (અંબામા)માં શ્રદ્ધા કાયમ રાખી હોય એવું બને. આ એક તદ્દન વાજબી અને કોઈના પણ મગજને પટે એવું અનુમાન છે. આવી બાબતમાં પુરાવા શક્ય નથી.

પહેલાં બહુ મોટાં કુટુંબો હતાં અને પાંચ-છ ભાઈઓમાંથી બે-ત્રણ ભાઈઓ કોઈ સગા (મામા, ફુઆ વગેરે)ને ખોળે બેઠા હોય તો અટક બદલાઈ જાય. અટક બદલાઈ જાય છતાં પોતાની મૂળ કુળદેવીમાં આસ્થા કાયમ રાખી હોય એવું બને. સગાને ખોળે બેઠા હોય છતાં કુળદેવીને કારણે પોતાના મૂળ કુટુંબ સાથેનો નાતો અકબંધ રહે છે. આમ એક જ કુળદેવીને માનનારા (અટક ભલે અલગ હોય એવા) યુવક-યુવતીયો લગ્ન ન કરે એ ઇચ્છનીય છે.

આથી ઊલટું બે અલગ જ્ઞાતિ કે બે અલગ ધર્મના જોડાણથી થનારી સંતતિ ભારે ટેલેન્ટેડ (બુદ્ધિશાળી) હોય છે. આપણી હાલની જ્ઞાતિ એનું જ્વલંત ઉદાહરણ છે. તે બે જ્ઞાતિ (દશા અને કરાડ) અને બે ધર્મો (જૈન અને હિન્દુ)ના જોડાણથી અસ્તિત્વમાં આવેલી છે. આ વાતને બસો વરસ પૂરાં થઈ ગયા છે. એટલે જ આપણી જ્ઞાતિમાં એકમેકથી ચઢે એવા નરપુંગવો (શ્રેષ્ઠ મનુષ્યો) પેદા થયા છે.

**– શામજી પદમશી છેડા,** ગાંધીધામ

## ભગવાન તેરા ભલા કરે

આજથી ૩૦ વર્ષ અગાઉની વાત છે. રીઝવાન આડતીયા નામનો ૧૭ વર્ષનો યુવક રૂપિયા ૧૭૫ની માસિક નોકરી કરતો હતો. એક રાતે તે તેના નાનાશા રૂમના ઉંબરા પર બેઠો હતો. તેના ઘર પાસેની હોસ્પિટલમાંથી એક વૃધ્ધ તેની પાસે આવ્યો અને કહે કે મારા ડોક્ટરે આ દવા લખી આપી છે ને આ દવા મારા દીકરાને આપવાની છે. મારી પાસે પૈસા નથી.

તે વખતે રીઝવાન પાસે એક જુના મોડલનું સેકન્ડહેન્ડ ટુ વીલર હતું. આ યુવકને ડોસા પ્રત્યે રહેમ જાગી તેને સ્કુટર પર બેસાડી યુવક એ ડોસાને કેમીસ્ટની દુકાને લઈ ગયો. આ યુવકે તેના માસિક રૂપિયા ૧૭૫ રૂપિયાની આવકમાંથી રૂપિયા ૧૧૦ દવા માટે ચુકવી દીધા. ત્યારે એ ડોસાએ આ યુવકને આર્શીવાદ આપતાં કહ્યું કે ‘ભગવાન તેરા ભલા કરે’!

એક ભરચક સભાગૃહને સંબોધતાં એ બોલ્યો કે એ યુવક આજે તમારી સામે રીઝવાન આડતીયા-નેમિનાથજી જૈન ફાઉન્ડેશનના એક દાતા તરીકે, એક સમાજસેવક તરીકે ઊભો છે અને આ સભાગૃહમાં જેટલા હાજર છે તે સૌને વિનંતી કરે છે કે તમારી પાસે જે કાંઈ છે, તેમાંનો થોડી ભાગ અવશ્ય જરૂરતમંદ માટે, માનવસેવા કાજે વાપરશો.

નેમિનાથજી જૈન ફાઉન્ડેશનના શ્રી નિરૂપ કોઠારીને રૂપિયા સવા બે કરોડની રકમનો ચેક અર્પણ કરતાં રીઝવાને ઉપરોક્ત વક્તવ્ય રજુ કર્યુ હતું. આજે રીઝવાન આફ્રિકન કન્ટ્રીમાં ૫૦ જેટલી કંપનીનો માલિક છે, ચેરમેન છે અને તેની નીચે ૩૫૫૦ જેટલા કર્મચારીઓ કામ કરે છે !

તે દરરોજ સવારના ત્રણ વાગે ઊઠી જાય છે અને કુરાન, રામાયણ, બાઈબલ, જૈન આગમ વિગેરેનું વાંચન કરે છે. નિયમિત ધોરણે યોગા અને મેડીટેશન કરે છે.

સમાજમાં કોઈને કોઈના અવલંબન થકી જ આપણે આજે જે છીએ તે છીએ. તેનો શ્રેય તેમને ફાળે પણ જાય છે. એટલે આપણે તે ઉપકારનો બદલો અન્ય પર એટલે કે પરોપકાર કરીને આજની ઘડીએ જ વાળવો જોઇએ. નહીં કે હજુ વધુ સુખી થઈ, સમૃધ્ધ થઈ અત્યંત સંપત્તિવાન થઈએ અને ત્યાર બાદ વિચાર કરશું. ત્યાર પછી તો આપણાં મનના વિચાર બદલી જાય પણ ખરા !

એવું ક્યારેય માનતા નહીં કે તમને જે કાંઈ મળ્યું તે તમારી જ આવડત, હેસિયત, ચાલાકી અને હોંશિયારીથી તેમ જ તમારા નસીબથી જ મળ્યું છે. પરંતુ આસપાસ નજર દોડાવો તો તમારા જેવા હોંશિયાર, ચાલાક અને બધીય આવડત ધરાવનારને

અનુસંધાન ૨૬મા પાને



આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા
ઢોલ તથા શરણાઈના જાણીતા અને
માનીતા હાલારી ઢોલી
**સલીમ ભાઈ ઢોલી**

મો.: 093247 96076 / 093211 31232

સંપર્ક : **મહાવીર સ્પોર્ટસ,**
એમ.જી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## અહિંસાધામની રજત જયંતી

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર સંચાલિત એન્કરવાલા અહિંસાધામની પ્રવૃત્તિઓ નિહાળીને કોઈ સંતપુરુષે કહ્યું કે, અહિંસાધામમાં ભગવાન મહાવીર સ્વામીની અનંત કરુણાનો અંશ જોવા મળે છે, જ્યાં હિંસા તાંડવ કરે છે એવા ભયાનક કાળમાં આ જીવદયાનો પ્રયાસ અત્યંત પ્રશંસનીય છે.

આ એન્કરવાલા અહિંસાધામને તાજેતરમાં ૨૫ વર્ષ પૂરાં થયા છે. ભારતમાં એકમાત્ર આ પ્રકારની સંસ્થા છે જે છસ્સો એકરમાં ગૌશાળા, અદ્યતન હૉસ્પિટલ અને નંદી સરોવર ધરાવે છે. ભૂકંપ વખતે સંસ્થાએ પશુ અને માનવ ક્ષેત્રે ફરજ બજાવીને અનુપમ દૃષ્ટાંત પૂરું પાડ્યું. વાસ્તવમાં આ મૉડેલ સંસ્થા છે જેને નિહાળ્યા પછી ગુજરાત અને અન્યત્ર આવી દસ-બાર બીજી સંસ્થાઓ ખૂલી છે. સંસ્થાનો હેતુ વિશ્વમાં અહિંસાનો સંદેશ ફેલાવવાનો છે.

આ ૨૫મી સપ્ટેમ્બર ષન્મુખાનંદ ઓડિટોરિયમમાં યોજાયેલ સમારોહમાં કોરપસ ફંડ ઊભું કરવાનો ઉદ્દેશ રખાયેલા અત્યાર સુધી કાયમી ફંડની વ્યવસ્થા નથી. દરરોજનો ખર્ચ દોઢથી પોણા બે લાખ રૂા. થાય છે. દર વર્ષે મુંબઈ અને કચ્છમાં કાર્યક્રમો યોજીને ફંડ એકઠું કરાય છે.

દામજી લાલજી એન્કરવાલાના અધ્યક્ષસ્થાને યોજાનારા સમારોહમાં ત્રણ અહિંસા એવૉર્ડ અપાયા. એક તો સુરતના ૫થ વિજય ભગવાન ધર્મચક્ર ટ્રસ્ટના વજુભાઈ પારેખને, વાગડના અગ્રણી સમાજસેવક દામજી વિજપાર સાવલાને અને મનસુખભાઈ ગગલાણી (બિસ્કિટકાકા જેઓ આદિવાસી વિસ્તારમાં સેવાકાર્યો માટે જાણીતા છે તેમને અપાયો.

દાનવીર શેઠ સ્વ. લાલજી વેલજી શાહની પ્રેરણાથી તેમના પુત્રો ઉદ્યોગપતિ દામજીભાઈ એન્કરવાલા તથા જાદવજીભાઈ એન્કરવાલાએ સંસ્થાને માતબર દાન આપીને મજબૂત પાયો નાખ્યો. એ પછી પણ દાનનો પ્રવાહ ચાલુ


॥ શ્રી ચંદ્રપ્રભુસ્વામીને નમઃ ॥

# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન - લાલા

## વાર્ષિક સામાન્ય સભા તેમજ ગામવાસીઓનું સ્નેહમિલન

**ઉપરોક્ત સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૫-૧-૨૦૧૭ના સવારના ૮.૦૦ કલાકે શ્રી જીવરાજ ભાણજી હૉલ, અશોક નગર, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ મધ્યે બોલાવવામાં આવેલ છે. દરેક ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

### અજેન્ડા કાર્યસુચી

**૧) ગત સભા તા. ૧૯-૬-૨૦૧૬ની મિનિટસનું વાંચન તથા વહાલી.**
**૨) વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના ઓડિટેડ હિસાબોની રજુઆત (ઓડીટર રીપોર્ટ) તથા વહાલી.**
**૩) વરસ ૨૦૧૬-૨૦૧૭ માટે ઓડીટરની નિમણુંક.**
**૪) જીર્ણોધ્ધાર તથા રીપેરીંગ બાબત ચર્ચા.**
**૫) પ્રમુખશ્રી ની મંજુરીથી રજુઆત થાય તે બાબત નિર્ણય.**

**નોંધ :** (૧) કોરમના અભાવે મુલત્વી રહીલ સભા અડધા કલાકબાદ તેજ સ્થળે મળશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસર ગણાશે.
(૨) એજન્ડા ઉપરાંતના સવાલો ૨૫ દિવસ અગાઉ મોકલવા જેથી તૈયારી કરી શકાય.

**સભાબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**
**સહાયક દાતા : રૂા. ૧૧૦૦૦/- નો નકરો રાખવામાં આવેલ છે.**

**વહેલો તે પહેલોના ધોરણે નામ લેવામાં આવશે.**

સંપર્ક :
લહેરચંદ દામજી મૈશેરી - 09892450358
તેજપાલ લખમશી ધરમશી - 09870070027
દિલીપ ઉમરશી દંડ - 09869324944
રાજેશ મુલજી મૈશેરી - 09909883970
પારસ લહેરચંદ મૈશેરી - 09322045744
નવીન લક્ષ્મીચંદ લોડાયા - 09879858848
રાજેશ હીરાચંદ મોમાયા - 09879715866

**શ્રી લહેરચંદ દામજી મૈશેરી** (પ્રમુખ) **શ્રી દિલીપ ઉમરશી દંડ** (સેક્રેટરી)

**ના જય જિનેન્દ્ર !**

રાખ્યો છે.

હાલે આ સંસ્થા અસહાય, લાચાર અને બીમાર પશુ પક્ષીઓને સારવાર અને આશ્રય આપે છે. જાદવજી રવજી ગંગર પ્રેરિત આ સંસ્થાનું ૧૯૯૦માં ભૂમિપૂજન થયું ત્યારે માત્ર પાંચ એકર જમીનમાં શરૂઆત કરી હતી. હાલમાં તે ૬૦૦ એકરમાં ૩૭૦૦થી વધુ પશુ-પક્ષીઓનું આશ્રયસ્થાન બની છે. સેવાકાર્યની ખુશ્બૂ ચોમેર ફેલાઈ છે એટલે ન કેવળ ગુજરાત અને ભારતમાં પરંતુ વિદેશમાંય પ્રશંસાને પાત્ર બની છે.




ગોબર ગૅસ પ્લાન્ટ, પશુ આવાસ, એન્કરવાલા નંદી સરોવર,મ્યુઝિયમ, બે ચબુતરા, પશુઓ માટે આઈસીયુ સાથેની અદ્યતન હૉસ્પિટલ, નવનીત ઓડિટોરિયમ જેવા વિવિધ સક્રિય વિભાગો છે તો સાધુ-સાધ્વીજી માટે સાધનાધામ છે.

સંસ્થાના વિવિધ વિભાગોની વાત કરીએ તો, ૧૧ હજાર ચોરસ ફૂટનું વિશાળ આઈસીયુ છે. કચ્છમાં ઉદ્યોગોના આગમન પછી વાહનવ્યવહાર વધી ગયો છે, જેના કારણે પશુઓના અકસ્માતનું પ્રમાણ વધી ગયું છે. પશુઓમાં જુદી જુદી જાતના રોગા પણ વધી ગયા છે. એ માટે ૧૦૮ બેડનું ઈન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ) છે જે ભારતભરમાં આટલું મોટું પ્રથમ છે, જ્યાં દર મહિને ૧૫૦ પશુનું ઑપરેશન અને સારવાર કરવામાં આવે છે.

સંસ્થા પાસે ૪૫૦૦ સ્કેવર ફૂટનો મોટો ઓડિટોરિયમ છે, જેની ક્ષમતા ૫૦૦ વ્યક્તિની છે. મુલાકાતીઓની સુવિધા માટે વીરમણી ભોજનશાળા ઉપલબ્ધ છે. દરરોજ ૫૦૦ જેટલા વિદ્યાર્થી સંસ્થાની મુલાકાત લે છે.

પશુ-પક્ષીની સારવાર માટે સંસ્થાના સંકુલમાં અદ્યતન હૉસ્પિટલ છે, જ્યાં સારવાર માટે આધુનિક સાધનો, દવા અને નિષ્ણાત ડૉક્ટરો સેવા માટે હાજર છે. બીમાર અને ઘાયલ પશુ-પક્ષીઓની ચિકિત્સા અને સારવાર કરવામાં આવે છે. કેન્સર જેવા જીવલેણ રોગોના ઑપરેશન પણ અહીં કરવામાં આવે છે. સારવાર ઉપરાંત પશુ-પક્ષીને પૌષ્ટિક આહાર પૂરો પાડવામાં આવે છે. કેન્સર ઉપરાંત પેરાલિસિસ, ફ્રેક્ચર પથરી, ચામડીના રોગ ઇત્યાદિની વિવિધ ચિકિત્સા હૉસ્પિટલમાં કરવામાં આવે છે. વિવિધ રોગોથી પીડાતા પશુ-પક્ષી માટે નિઃશુલ્ક સારવાર માટે અવારનવાર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

અહીંનું વિનેશાલય મ્યુઝિયમ દર્શનીય છે. તેમાં ચિત્રો દ્વારા પશુ-પક્ષી પર કેવી ક્રૂરતા આચરવામાં આવે છે, કત્તલખાનામાં તેમની નિર્દય હત્યા થાય છે તે સચોટ રીતે દર્શાવવામાં આવ્યું છે, જ્યારે નવનીત ઓડિટોરિયમમાં વીડિયો કેસેટ દ્વારા પશુપંખીઓ પર થતી ક્રૂર હિંસા દર્શાવાય છે. પ્રદૂષણથી પર્યાવરણ, માનવજીવન અને પશુ-પક્ષીના જીવન પર કેવી અસર થાય છે તે બીજા હૉલમાં દર્શાવ્યું છે. ઝાડપાન કાપવાથી, પાણીના અતિશય વરરાશથી, પ્લાસ્ટિકની થેલીઓ વાપરવાથી વાતાવરણ પર કેવી અસર થાય છે તે સુંદર રીતે દર્શાવાયું છે. સંસ્થાએ વીસ હજાર વૃક્ષો વાવ્યાં છે તો ૩૫ એકરમાં નંદી સરોવર છે.

સંસ્થા પાસે ગોપાલ નામે મહાકાય નંદી (બળદ) હતો. તેના શીંગડાની લંબાઈ ૯.૨ ફૂટ અને વ્યાસ ૨.૬ ફૂટ હતા તેનું વજન ૭૬૫ કિલો હતું. આ ગોપાલ નંદીને લિમ્કા બૂક ઑફ રેકોર્ડઝમાં તેમ જ ગિનેસ બૂક્સ ઑફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન મળ્યું હતું. તેણે સંસ્થાના મુલાકાતીની ખૂબ ચાહના મેળવી હતી. ૨૦૦૪માં ગોપાલનું અવસાન થયા બાદ તેની યાદગીરીરૂપે 'ગોપાલ સ્મૃતિ મંદિર'નું નિર્માણ કરાયું છે.

મહેન્દ્રભાઈ સંગાઈ, જયંતભાઈ ગોગરી, લીલાધર ગડા અને મણીલાલ ગાલા સંસ્થાની સ્થાપનાથી સંકળાયેલા છે. રમેશભાઈ ગાલા, શાંતિલાલ ગંગર અને હરેશભાઈ વોરા ઉપરાંત તેમની ટીમ સંસ્થાને સમર્પિત છે.

**– કનૈયાલાલ જોશી,** મુંબઈજી ગાલ કોલમમાંથી સાભાર


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574

દિવાળી સુધી રવિવારે પણ ચાલુ

# રંગીલું, રોમાંચક અને રસપ્રદ : ડબ્લિન

લિફી નદીના કિનારે આવેલું અને આયલેંન્ડની રાજધાની એટલે ડબ્લિન... જ્યાં હાન્ડેલ, ઓસ્કાર વાઈલ્ડ, સેમ્યુઅલ બૅકેટ, જેમ્સ જોઈસ જેવા વિચર્યા હશે એ ભૂમિ પર પગ મૂકતાં ભારે રોમાંચ અનુભવાય છે. અમે હોટેલમાં સામાન મૂકી જરા મોકળાં થયાં ત્યારે સાંજ લગભગ ઢળી ચૂકી હતી પણ સૂવાને વાર હતી તેથી અમે હોટેલની આસપાસના વિસ્તાર પર નજર નાખવા નીકળ્યાં.





આયલેંન્ડમાં પબનું જોરદાર ચલણ છે. ગિનિજ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડના પ્રણેતા હ્યુ બીવને રાત્રે પબમાં પુરાવાના અભાવે થતી ફેંસલા વિનાની ચર્ચાઓમાંથી દુનિયામાં થયેલા અપ્રતિમ બનાવો વિશે વાર્ષિક પ્રકાશન કરવાની પ્રેરણા મળી હતી.

આયલેંન્ડના પ્રખ્યાત કાળા ગિન્નેસ બિયરની મોજ લેવા અમે ડબ્લિનના એક પબમાં ગયાં. ત્યાં એક ગાયક ગીતો ગાઈ રહ્યો હતો અને વાતાવરણ આહ્‌લાદક હતું. ડબ્લિનના લોકો ફન લવિંગ છે, પબમાં આધેડ વયનાં લોકો પણ નાચતા ને મજા કરતા હતા. લોકો મૈત્રીપૂર્ણ છે. અમારી બાજુના ટેબલ પર એક યુગલ બેઠું હતું તે બંનેએ અમારી સાથે ઘણી વાતો કરી ને અમને ગિન્નેસ સ્ટોરહાઉસ જોવાની ભલામણ કરી.

બીજે દિવસે સવારે અમે બિયર જ્યાં બને છે એ ગિન્નેસ સ્ટૉરહાઉસમાં પહોંચી ગયાં. મકાન વિશાળ અને બહારથી જ ભભકાદાર છે. બિયર ભરવામાં આવે છે તે બેરલથી માંડીને બિયર વિશેની ઘણી માહિતી મળી. છેલ્લે પોતાની મેળે એક પાઈન્ટ ભરીને બિયર પીવાની મજા લીધી અને કિંમત અમારી ૨૦ યુરોની ટિકિટમાં આવી જતી હતી. અહીંથી ડબ્લિન શહેરનું ખૂબ સુંદર દૃશ્ય દેખાય છે.

પગે ચાલીને ઐતિહાસિક ટૂર લઈ શકાતી હતી એની ખબર પડતાં અમે એ લેવાનું ઠરાવ્યું. આ ટૂરમાં અમને શહેરના યુદ્ધો અને બળવાઓ વિશે માહિતી આપવામાં આવી અને ઘણાં સ્મારકો તેમ જ હાલનાં મહત્ત્વનાં મકાનોને આવરી લેવાયાં. અમારો ગાઈડ પોતે ઈતિહાસના પીએચ.ડી નો વિદ્યાર્થી હતો. તેથી એના આયાલેંન્ડના ઈતિહાસના ઊંડા જ્ઞાનનો અમને લાભ મળ્યો અને તે પણ જરાય ભારેખમ બન્યા વિના રસાળ ભાષામાં ! આ ટૂર લગભગ અઢી કલાક ચાલી અને ડબ્લિનની મુખ્ય ગલીઓ તથા સ્થળો વિશેની જે માહિતી મળી તે અન્યથા મળવી મુશ્કેલ હતી. ખાસ તો એક અજાણ્યા શહેરનું અજાણપણું આ ટૂરને લીધે દૂર થયું અને અમને વ્યક્તિદીઠ ચૂકવેલા દસ યુરો વસૂલ થયેલા લાગ્યા. ખરેખર તો ડબ્લિનમાં પહોંચીને પ્રથમ કામ આ ટૂર લેવાનું જ કરવું જોઈએ જેથી શહેરની ઉપર છલ્લી રૂપરેખા મળી જાય.

ડબ્લિનનું રાઈટર્સ મ્યુઝિયમ લેખકો અને સાહિત્યને સમર્પિત છે. ત્યાં આઈરિશ સાહિત્યમાં પોતાનો ફાળો આપના આઈરિશ લેખકોના ચિત્રો મૂકવામાં આવ્યાં છે અને એમનાં જીવન અને લેખન વિશેની માહિતી મળે છે. જેમ્સ જૉઈસ, જ્યૉર્જ બર્નાર્ડ શૉ, વિલિયમ યીટ્સ જેવા કવિ અને લેખકોને આ મ્યુઝિયમમાં ઘણી જગ્યા ફાળવવામાં આવી છે.

લિફી નદીની દક્ષિણે ટેમ્પલબાર ચોક આવેલો છે. ચોકમાં કેટલાક યુવાનો ડેડલી આઈ મ્યુઝિક વગાડી રહ્યા હતા, જેના માટે આયલૅંડ જાણીતું છે. અમે કાંઈક કુતૂહલ અને રસથી એ બાજુ વળ્યાં. બેંજો અને આપણી ડફલી જેવાં વાજિંત્ર વગાડતાં તેઓ મસ્તીમાં ઝૂમી રહ્યા હતા.

આ ચોકમાં ઘણી દુકાનો, પબ અને રેસ્ટોરન્ટ્સ આવેલાં છે. યુવાનોને ગમે તેવું વાતાવરણ હોય છે, પરંતુ બધું જ મોંઘું હોવાને લીધે સ્થાનિક લોકો ખાસ હોતા નથી. આ ચોક પર્યટકોનો ચોક બની ગયો છે તેથી દેશ-વિદેશના લોકો અહીં જોવા મળે છે. પર્યટકોથી પબ અને રેસ્ટોરન્ટ્સ ઉભરાય છે.

ટ્રિનિટી કૉલેજ અહીંથી તદ્દન નજીક છે એટલે ટેમ્પલ બાર સ્ક્વૅરમાંથી અમે ત્યાં ગયાં. ૧૫૯૨માં સ્થપાયેલી આ કૉલેજ આયર્લેન્ડની સૌથી જૂની કૉલેજ છે અને ત્યાં કલા, વિજ્ઞાન, માનવશાસ્ત્ર, સંગીત વગેરે અનેક વિષયો ભણાવવામાં આવે છે. ૪૭ એકરમાં પથરાયેલી ટ્રિનિટી કૉલેજ ઘણાં પર્યટકોને આકર્ષે છે. કૉલેજના પરિસરમાં આવેલાં મકાનોનું જ્યોર્જિયન સ્થાપત્ય રસપ્રદ છે. ઓસ્કર વાઈલ્ડ અને સેમ્યુઅલ બૅકેટ આ કૉલેજની દેન છે. અમે લીધેલી કૉલેજની ટૂરમાં અમને કૉલેજની અંતર્ગત ડોકિયું કરવા મળ્યું. લગભગ બે લાખ પુસ્તકો ધરાવતી લાઈબ્રેરીમાં અભેરાઈઓની અભેરાઈઓ પુસ્તકોથી ભરેલી પ્રભાવશાળી લાગતી હતી.




ટ્રિનિટી કૉલેજથી થોડુંક આગળ ચાલતાં શહેરના હાર્દમાં આવેલા ડબ્લિનના કિલ્લાએ વર્ષો સુધી દુશ્મનો સામે ટક્કર ઝીલી છે અને આયર્લેંડના ઈતિહાસમાં પોતાનો ફાળો આપ્યો છે. હવે આ કિલ્લો સરકારી કામકાજ માટે વપરાય છે.

કિલમેનહામ જેલ હવે તો ખાલી છે, પરંતુ આઈરિશ ઈતિહાસનો મહત્ત્વનો ભાગ છે. એક સમયે એમાં રાજદ્વારી કેદીઓને રાખવામાં આવતા અને એમાંના કેટલાકને ત્યાં ફાંસી મળી હતી. જેલ ગાઈડની સાથે જ જોવા મળે છે તેનો ફાયદો થયો, અમારા ગાઈડે જેલ વિશે ઘણી માહિતી આપી. અહીં કેદીઓએ જે ત્રાસ ભોગવ્યો હતો તેની જાણ થતાં ઘરઆંગણેના આંદામાન-નિકોબારની કાળા પાણીની સજા યાદ આવી ગઈ. અહીં એટલા બધા પર્યટકો આવે છે કે અમારે એકાદ કલાક લાઈનમાં ઊભા રહેવું પડત.

ડબ્લિનની ગ્રાફ્ટોન સ્ટ્રીટ મુખ્ય શોપિંગ સ્ટ્રીટ છે. અહીં જે જોઈએ તે બધું જ મળે છે. આઈરિશ સુવિનિયેર ખરીદવા માટે આ યોગ્ય સ્થળ છે. કાંઈ ખરીદી ન કરવી હોય તો માત્ર વાતાવરણને માણવા આ સ્ટ્રીટ પર જવા જેવું છે. અમે વાહનો વિનાના રસ્તા પર દુકાનો જોતાં ચાલવાનો આનંદ લીધો, રસ્તા પર પોતાનો કસબ દાખવતા ગાયકો અને નટોને જોયા-સાંભળ્યા ને છેવટે કૉફીનો એક કપ પીને પાછાં વળ્યાં.

શહેર જોતાં જોતાં અમે સેન્ટ સ્ટિફન્સ ગ્રીન પાર્ક પાસે પહોંચ્યાં ને ઉદ્યાનમાં વિશ્રામ લેતા લોકોને જોઈને અમે પણ થોડો આરામ કરવા લલચાયાં. પાર્ક નાનો પણ સુંદર અને શાતાદાયક છે. આખા દિવસની રખડપટ્ટી પછી તળાવ, ફૂલો અને પક્ષીઓની સમીપે બેસવાનું આવકારદાયક હતું.

જ્યોર્જિયન આર્કિટેક્ચર અને મણીય ઉદ્યાનો આ શહેરની ખાસિયત છે. યુવાનો તથા વિદ્વાનોને આસાનીથી ગમી જાય એવા આ શહેરમાં બાળકો માટે પ્રાણીઘર અને બતકોવાળાં ઉદ્યાનો છે તેથી પરિવાર સાથે આનંદ લઈ શકાય છે.

**ડબ્લિન વિશે જાણવા જેવું**

- ડબ્લિન પાસ લેવાથી ૨૪ મુખ્ય આકર્ષણોમાં ટિકિટ વિના પ્રવેશ મળે છે અને હૉપ ઑન-હૉપ ઑફ બસની ૨૪ કલાકની મુસાફરી કરી શકાય છે. સરવાળે સમય અને પૈસા બંનેની બચત થાય છે.
- ડબ્લિન ઈન્ટરનેશનલ ઍરપોર્ટ સુધી ફ્લાઈટ લઈ ત્યાંથી શહેરમાં પહોંચવા એક્સપ્રેસ બસ અથવા એરકોચ લેવી.
- દુનિયાના અન્ય પાટનગરોની જેમ ડબ્લિનમાં પણ હોટેલ્સ મોંઘી હોય એ સ્વાભાવિક છે છતાં ખંતથી ઈન્ટરનેટ પર તપાસતાં બજેટને અનુકૂળ હોટેલ મળી જાય છે.
- શાકાહારી વાનગીઓ મળી જાય છે, બાકી પ્રવાસ દરમિયાન ભાવતાં ભોજનિયાનો આગ્રહ ન રાખવો !


**શ્રી અરિહંત ખાખરા**

**ઑર્ડરથી વિવિધ પ્રકારના ખાખરા, શિયાળા માટે વિવિધ પાકો અને અડદીયા તેમજ ચેંબુર દેરાસરની મિઠાઈઓ અને ફરસાણ હોમ ડિલેવરી મળશે.**

**મો.: 09920089346 / 09930823619**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી
- ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

રજિસ્ટર નં. - ઇ ૧૨૬ | શ્રી શાંતીનાથાય નમ: | ફોન નં. - ૦૨૫૬૨ -૨૩૪૭૯૦

# શ્રી અચલ ગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી
# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડિંગ) ધુલીયા.

કૉન્વ્હેન્ટ સ્કુલ સામે, **ચાલીસગામ રોડ, ધુલીયા – ૪૨૪ ００૧.** (મહારાષ્ટ્ર)

તારીખ- ૧૨/૧૧/ ૨૦૧૬

સુજ્ઞશ્રી,

જય જિનેંદ્ર,

શ્રી ક. દ. ઓ. જૈન બોર્ડીંગની જનરલ સભા (મિટીંગ) રવિવાર, તા. ૪/૧૨/૨૦૧૬ સવારના ૧૧ ક. સંસ્થાના મકાનમાં ધુલીયા મુક્કામે રાખવામાં આવેલ છે. અજેંડાના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આપશ્રીને મિટીંગમાં સમયસર પધારવા વિનંતી છે. નીચેની ટીપ જરૂરથી વાંચી લેશોજી.

## અજેંડા

૧) પાછલી મીટીંગનું મિનિટબુક વાંચીને કાયમ કરવું.
૨) સંસ્થાના પાછલા ૫ વર્ષનું આર્થિક અહેવાલ.
૩) ૨૦૧૩-૧૪/૨૦૧૪-૧૫/૨૦૧૫-૧૬ ના ઓડીટ રીપોર્ટને મંજૂરી આપવી.
૪) ૨૦૧૬-૧૭ આર્થિક વર્ષ માટે ઓડીટરની નેમણૂક કરવી.
૫) સંસ્થાના ચાલુ રહેલ કાર્યોની માહિતી આપવી.
૬) સંસ્થાના સુવર્ણ મહોત્સવ (૫૦ વર્ષ) ની ઉજવણી કરવા બદલ.
૭) ૨૦૧૭-૧૮ ના આંદિજિત બજેટને મંજૂરી આપવી.
૮) કારોબારી કમિટિમાં થયેલ ફેરફારની જાણ કરવી.
૯) આજ સુધી સંસ્થામાં થયેલ સભાસદની જાણ કરવી.
૧૦) અધ્યક્ષ સાહેબનાં મંજૂરીથી આવેલ વિષયો પર વિચારણા કરવી.

લી.

**કેતન ઠાકરસી ગોસર**
માનદ મંત્રી
**શ્રી અચલ ગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડિંગ) ધુલીયા.**

ટીપ :- ૧) જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે. ૨) આપ ક્યારે આવવાના છો જેની સંસ્થાને જાણ કરશો જેથી સગવડતા કરવા સુગમતા રહે. ૩) જરૂર પધારી સંસ્થાને માર્ગદર્શન આપશો એજ અભિલાષા.

# પાનખરની સાંજે વનમાં વિરામ

- સુરેશ દલાલ

આ વન કોનાં છે એનો મને કૈંક ખ્યાલ છે.
એનું ઘર તો જોકે ગામમાં છે;
એનાં વનોને બરફથી ઊભરાતાં જોવા હું અહીં થોડુંક વિરમ્યો
પણ એ તો પોતે આ નહીં જુએ.

વરસની સૌથી વસમી સાંજે
આસપાસમાં ક્યાંય ખોરડું નથી છતાંય
વન અને થીજેલા સરોવરની વચ્ચે આમ અટકવું
મારા તરવરિયા તોખારને તો બેહૂદું જ લાગશે.

ડોકું ધુણાવી એ ગળે લટકતી ઘૂઘરીઓને રણકાવે છે
જાણે કે પૂછવા કે કશી ભૂલ તો નથી થતી ને!
અહીં બીજો કોઈ પણ અવાજ હોય તો તે માત્ર
હળવા વહેતા પવનનો, પીંછાં જેવા ઝરમરતા બરફનો.

વન તો સુંદર, શ્યામ અને ગાઢાં છે જ,
પણ મારે મારાં વેણ નિભાવવાનાં છે,
અને કેટલાંયે જોજન જવાનું છે.
નીંદરતાં પહેલાં, નીંદરતાં પહેલાં કેટલાંયે જોજન જવાનું છે.

- રૉબર્ટ ફ્રૉસ્ટ

*Whose woods these are I think I know.*
*His house is in the village though;*
*He will not see me stopping here*
*To watch his woods fill up snow.*

*My little horse must think it queer*
*To stop without a farmhouse near*
*Between the woods and frozen lake*
*The darkest evening of the year.*

*He gives his harness bells as shake*
*To ask if there is some mistake.*
*The only other sound's the sweep*
*Of easy wind and downy flake.*

*The woods are lovely, dark and deep,*
*But I have promises to keep,*
*And miles to go before I sleep,*
*And miles to go before I sleep,*

*- Robert Frost*

વૉલ્ટ વ્હીટમન પછી અમેરિકન કવિતામાં જો કોઈ સૌથી સઘન અને ગહન અવાજ હોય તો તે રૉબર્ટ ફ્રૉસ્ટનો. વિવેચકો એમની આદત પ્રમાણે ફ્રૉસ્ટને કૃષિકવિ કહે છે. હકીકતમાં એ કૃષિ અને ઋષિ બંને છે. કેનેડીએ પ્રમુખ તરીકે જ્યારે સોગંધવિધિ લીધી, ત્યારે એમણે તપોવૃદ્ધ ફ્રૉસ્ટને કાવ્યપઠન માટે આમંત્રણ આપેલું. આપણા વડા પ્રધાન જવાહરલાલ નહેરુના ટેબલ પર એમની આંખ સામે ફ્રૉસ્ટના આ કાવ્યનો અંતિમ શ્લોક રહેતો. આ કાવ્ય સરળ લાગે છે. ત્યાંનાં પાઠ્યપુસ્તકોમાં પણ લેવાય છે. આપણા 'સાગર અને શશી'ની જેમ આ એક કાવ્ય વિશે પણ ઘણું લખાયું છે. એમાં અનેક અર્થઘટનો અપાયાં છે.

કાવ્યનું મૂળ શીર્ષક છે 'પાનખરની સાંજે વનમાં વિરામ.' એક તો પાનખરની મોસમ, ચારે બાજુ છવાયેલો બરફ. ઊતરતું અંધારું, સૌંદર્યની કોઈ સીમા નથી. કોઈક માણસ ગાઢા વનમાંથી પસાર થાય છે. જે લોકો અમેરિકા ગયા છે એમને ખ્યાલ હશે કે આવા વનની અંદર કોઈકનું ઘર હોય. જાણે કે એ ઘર પ્રકૃતિના ખોળામાં રમતું હોય. જે માણસ અશ્વ પર સવાર થઈને પસાર થાય છે - એ ઘરને અને ઘરના

**(અનુસંધાન પાના નં. ૧૭ ઉપર)**

*હું જાણું કે કોનાં વન*
*ગામ મહીં ઘર કોનું અહીં?*

# સુસ્વાગતમ્

– હરિશ્ચંદ્ર



સ્ટેશન પર ઊતરી મેં ટાંગાવાળાને કહ્યું : 'ટેકરીની સામેના વામનકૂવા પાસે લઈ લે!'

જુવાન ટાંગાળાવો મારું મોં જોતો રહ્યો, 'બહેનજી, વામનકૂવો ક્યારેક સાંભળ્યો છે. ટેકરીની ખબર નથી.

'તું ચાલ ને, હું બતાવીશ.'

ખરેખર, ત્યાં પહોંચી, તો બધું બદલાઈ ગયું હતું. ટેકરીની જગ્યાએ ત્રણ માળનું મકાન બંધાઈ ગયેલું. કૂવો હજી હતો, પણ વપરાશમાં નહોતો. મારા ઘરની રોનક ઘણી બદલાઈ ગયેલી. પરંતુ ઘર મેં જરૂર ઓળખી કાઢ્યું. એ જ ઓસરી, જ્યાં હું ધૂળમાં આળોટતી અને મા ને દાદી બહુ ચિડાતાં, ક્યારેક થપ્પડ પણ મારી દેતાં. આજેય આળોટી લેવાનું એકદમ મન થઈ આવ્યું. જો કે આજે ધરતીની ધૂળનો સ્પર્શ થાય તેમ નહોતો. ઓસરીમાંયે લાદી જડાઈ ગયેલી.

પૂરાં ૨૮ વરસે ફરી હું આ ઘરમાં પગ મૂકતી હતી. બાળકો, વહુઓ કોઈ મને ઓળખતું નહોતું. 'કોઈ મહેમાન આવ્યાં છે'– સાંભળી ભાઈ બહાર આવ્યો. ઘડી ભર એ પણ જોઈ રહ્યો. પણ પછી 'મોટી બહેન!' કહેતાં મને ભેટી પડ્યો. અમારી બંનેની આંખો આંસુથી છલકાઈ ગઈ. અંદર લઈ જઈ એણે મને હિંચકે બેસાડી. મારો હાથ હાથમાં લઈ પંપાળતાં-પંપાળતાં એ ફરી રડી પડ્યો. એ ભાઈએ જ આટલાં વરસ મારી સાથે પત્રથી સંપર્ક રાખેલો. પત્ર તો વરસે એકાદ આવતો, પણ આ ઘરની હલચલથી મને કાંઈક વાકેફ રાખતો. છેલ્લા પત્રમાં એણે મને લખ્યું, 'મારી દીકરી દાક્તર થઈ. એના મનપસંદ એક પારસી યુવાન સાથે પરણવાની છે. ત્યારે તારી સાથેના વહેવાર યાદ આવે છે. ઘરડેરાંઓ જીવ્યાં ત્યાં સુધી તને બોલાવવાની હું હિંમત કરી શક્યો નહોતો. હવે ફક્ત એંસી વરસનાં કાકી જ રહ્યાં છે. આવે પ્રસંગે તારે જરૂર આવવાનું છે.' – અને હું આવી.

૨૮ વરસ પહેલાં આ ઘર મારે છોડી જવું પડ્યું હતું. બહુ નાની ઉંમરે પરણીને આ ઘર છોડેલું. પણ એકાદ વરસમાં તો વિધવા થઈને પાછી આવી ગઈ. મા અને દાદી બહુ જ રૂઢિચુસ્ત. વિધવાથી આ ન કરાય ને તે ન કરાય. વિધવાથી આ પહેરાય ને આ ન પહેરાય. વિધવાથી આમ હરાય-ફરાય ને આમ ન હરાય-ફરાય. હું એકદમ અકળાઈ ગઈ હતી. મેં આગળ ભણવાની વાત મૂકી, ત્યારે તો મા અને દાદી તૂટી જ પડ્યાં. છતાં દાદા વચ્ચે પડ્યા ને હું ભણી શકી. અમારું સંયુક્ત કુટુંબ. તેમાં કાકી મારા ઉપર ખૂબ પ્રેમ રાખતાં. આ ભાઈ પણ મારો કાકાનો દીકરો. ભણતાં-ભણતાં ભરત સાથે મારું દિલ મળી ગયું. અને મેં પરણવાનું નક્કી કર્યું. ઘરમાં હાહાકાર મચી ગયો. મા અને દાદીએ તો કકળાટ કરી મૂક્યો. 'અમે નહોતા કહેતા કે વિધવાને બહાર પગ ન મૂકવા દેવાય. લ્યો હવે, લાગ્યું ને કુળને કલંક!'

એક તો વિધવા-વિવાહ અને તેય આંતરજ્ઞાતીય. એ ઘૂંટડો ગળવા ઘર તૈયાર નહોતું. કાકીનોયે આમાં તો વિરોધ જ હતો. અને મારે ઘર છોડવું પડ્યું. માએ કહી દીધેલું, 'અમે તને મરી ગયેલી જ માનીએ છીએ.' અને ખરે જ એમણે એમ જ માની લીધું. મારે આ ઘરમાં પગ મૂકવાપણું નહોતું રહ્યું. ભાઈએ

*વન પર છાયો બરફ નીરખવા*
*હું થંભ્યો, એ જોશે નહીં!*

૨૮ વરસે ફરી મને આ ઘરમાં આણી, જ્યાં હું ઘૂંટણિયાં ભરીને મોટી થયેલી.

'કલકત્તાનાં ફોઈ આવ્યાં છે' - ની વાત ઘરમાં બધે પ્રસરી ગઈ એટલે મને દીઠે નહીં ઓળખતાં એવાં બધાં પણ મને વીંટળાઈ વળ્યાં. તેમાંની એક છોકરી આવી મને પગે પડી. ભાઈએ કહ્યું : 'આ સુકન્યા, જેનું લગ્ન થવાનું છે.' મેં વહાલથી એનું માથું ચૂમ્યું. એ મને વળગી પડતાં બોલી : 'ફોઈબા, પપ્પાએ અમને તમારી ઘણી વાતો કરી છે. તમે એ જમાનામાં નવો ચીલો પાડ્યો. તેનુ અમને બહુ ગૌરવ છે.' ત્યાં ઊભેલાં ભાભી બોલ્યાં, 'તમે આંતરજ્ઞાતીય પગલું ભર્યું તો આજે આંતરજાતીય સુધી પણ પહોંચી શકાય છે.' તેવામાં અંદરથી કાકીનો અવાજ આવ્યો, 'અરે, મારી દીકરીને અંદર તો આવવા દો!'

હું એકદમ ઊછળીને અંદર ગઈ. કાકી પથારીવશ હતાં. હું નાના બાળકની જેમ દોડી અને એમની બાથમાં સમાઈ ગઈ. કાકીએ મને છાતી સાથે જડી લીધી. કેટલીયે વાર સુધી અમે બંને કાંઈ બોલી શક્યાં નહીં. બંનેની આંખોથી અખંડ અશ્રુધાર વહી રહી.

પછી થોડાં સ્વસ્થ થઈ કાકીએ મને પાસે બેસાડી મારા વિશે, મારા ઘર, બાળકો વિશે પૂછી-પૂછીને બધું જાણ્યું. બોલ્યાં, 'દીકરી, તું તો પંખીની જેમ ઊડી ગઈ. અમે તડપતાં રહ્યાં.'

'કાકી, તમે હજી મને માફ નથી કરી ?'

'દીકરી, માફ તો તારે અમને કરવાનાં છે. અમે તને બહુ દુઃખ દીધું.' અને પછી વહુને કહે, 'મિઠાઈ તો લાવો! લગ્નનું ઘર છે. મારે હાથે મારી દીકરીનું મોં મીઠું કરું.'

* * *

## પાનખરની સાંજે વનમાં વિરામ (અનુસંધાન પાના નં. ૧૫ થી ચાલુ)

માલિકને ઓળખે છે. આ ઘરમાં ક્યારેક એ માલિક વસવા આવતો પણ હશે. આખું વન બરફથી છવાઈ ગયું છે. એનું એક સૌંદર્ય છે. એ સૌંદર્ય જોઈને કાવ્યનાયક થોભી જાય છે જે ઘરનો માલિક છે, એ તો આ સૌંદર્યથી વંચિત છે. ખરેખર આ સૌંદર્યનો માલિક કોણ ? જે સૌંદર્ય માણે એ જ એનો માલિક. જોકે સૌંદર્ય સાથે માલિકીભાવ રાખવાની કોઈ જરૂર નથી.

સરોવર પણ થીજી ગયાં છે. વનની વચ્ચે થીજેલાં સરોવરનું દશ્ય. એક અપ્રતિમ સૌંદર્ય રચી આપે છે. કાવ્યનાયકના અશ્વને પણ હૉર્સસેન્સ છે. એ પોતે પણ થંભે છે અને મારું આવું થંભવું કદાચ એને વિચિત્ર પણ લાગતું હશે. પણ હું એટલો અસંવેદનશીલ નથી કે સૌંદર્ય જોઈને એને પ્રણામ કે સલામ ન કરું કે ભરું. સંધ્યાના ગીચ અંધારામાં દશ્ય મહોરી ઊઠે છે. હું અહીંયાં થંભ્યો છું એ કોઈ ભૂલ નથી ને એવું પૂછવા માટે જાણે કે અશ્વ ઘૂઘરીઓને હળવે હળવે હલાવે છે. અહીં માત્ર એકજ નાદ છે. એક જ ધ્વનિ છે. પીંછાં જેવા ઝરમરતા બરફનો. ઉમાશંકરે ગાયું :

સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.

સૌંદર્ય ગમે એટલું હોય પણ હું ત્યાં થોભી શકું. કાયમને માટે રોકાઈ ન શકું. સૌંદર્યને આંખમાં ઊંચકી લઉં પણ મારું મારું કહીને એનો માલિક ન થઉં. માત્ર આટલું જ નથી, ગમે એવું સૌંદર્ય હોય, પણ મારે કેટલાંયે કામ કરવાનાં છે. કર્મનું પણ એક સૌંદર્ય છે. કર્મનું સૌંદર્ય જ માણસના કામને કર્મયોગ બનાવે છે. હું કર્મ કરું છું તે મારી તૃપ્તિ માટે કરું છું. મેં મારામાં મારા પૂરતી અને જગત પૂરતી જે અપેક્ષા જગાડી છે, એને પૂર્ણ કરવા માટે મારી અંદરની ગરજથી કર્મ કરું છું. કર્મ એ મારે માટે કોઈ બાહ્ય ફરજ નથી. મારી અંદરનો તકાજો છે. હજી મારે કેટલુંયે કરવાનું બાકી છે. હું નિદ્રામાં કે ચિરનિદ્રામાં પોઢી જાઉં એ પહેલાં મારે સૌંદર્ય અને કર્મની વચ્ચે વિભક્ત થયા વિના કર્મ કરવાનું છે - એ નિશ્ચિત છે.

* * *

*નેસ નહીં અહીં પાસે તોય*
*થીજ્યાં સરવર, વનની બિચ*

# ડૉક્ટરનો ઈલાજ કરનારા બાળદર્દીઓ

**- ડૉ. રઈશ મનીઆર**



'સંબંધ' શબ્દ પ્રત્યે મને હંમેશાં કૌતુક રહ્યું છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના અનેકવિધ વ્યવહારોને સંબંધનું લેબલ લગાડવામાં આવે છે. પરંતુ ઘણી વાર મને થાય છે કે આવા દરેક વ્યવહારને સંબંધનું નામ આપી શકાય ખરું ? સંબંધ શબ્દ સકારાત્મક છે. બંધન જે બંને તરફથી સરખું છે તે સંબંધ. જે નિર્ભેળ ન હોય, નિર્મળ ન હોય એને સંબંધ કહેવાય ? આપણા તમામ સંબંધોને જો આપણે પરિચય, વ્યવહાર, સગપણ, સ્વાર્થ, ગરજ, માલિકીભાવ કે ચાપલૂસીનાં ખાતાંમાં વહેંચી નાખીએ તો શેષ ભાગ્યે જ કશું બચે.

સંબંધ વિશે એટલે જ કવિઓની કલમમાંથી આવી પંક્તિઓ ટપકી હશે :

મૂળથી વધતા નખો છેડેથી મરતા હોય છે,<br>
એ રીતે સંબંધ ઊછરતા ને ખરતા હોય છે.

*- રમેશ પારેખ*

દૂરતા કોઈ વખત મોંઘી પડી,<br>
પણ નિકટતા તો સતત મોંઘી પડી.

*- જવાહર બક્ષી*

સંબંધો વિશે આશા હોય તો નિરાશા જન્મે, હરીન્દ્રભાઈએ તો કહ્યું જ હતું કે કોઈનો પ્રેમ ક્યારેય ઓછો હોતો નથી, આપણી અપેક્ષા જ વધુ હોય છે. પરંતુ આશા-અપેક્ષા આપણા પક્ષે ન હોય અને સામે પક્ષે હોય તો ? આ સંજોગોમાં નિર્લેપતા જન્મે ... ના! નિર્લેપતા શબ્દ બરાબર નથી, ઉદાસીનતા જન્મે. જોકે કોઈ આપણી સાથે કશી અપેક્ષા વગર સંબંધ રાખે, એ પણ આપણી એક અપેક્ષા જ થઈને !

સંબંધો વિશે હું નિરુત્સાહી અને ઉદાસીન જ રહ્યો હોત, જો હું બાળરોગનિષ્ણાત તબીબ ન હોત અને જો રોજ મારે સંખ્યાબંધ ભૂલકાંઓ સાથે સંવાદ સાધવાના પ્રસંગો ન આવ્યા હોત. નિર્ભેળ અને નિર્મળ છતાં પ્રસન્નતા અને પ્રફુલ્લતાથી ભરેલા સંબંધો કેવા હોઈ શકે એનું દર્શન મને મારા આ બાળદોસ્તોએ કરાવ્યું.

મારી પાસે મુખ્યત્વે બે વર્ષથી નાનાં બાળકો આવે. ગણ્યાંગાંઠ્યાં બાળકો બે વર્ષથી મોટાં હોય. આ બે વર્ષથી બાર વર્ષની ઉંમરે સુધીનાં તમામ બાળકો મારા ખાસમખાસ દોસ્તો ! (હું એવું માનું કે ન માનું, એ લોકો તો એમ જ માનવાનાં). મારા કન્સલ્ટિંગરૂમની બહાર વેઈટિંગ-રૂમમાં એમનો નંબર લાગે ત્યાં સુધી થોભાય નહીં. સહેજ દરવાજો ખોલી સ્મિત ફરકાવે. એમનાં માબાપ ડરે કે ડૉક્ટર ખિજાશે, પણ ડૉક્ટર સામું સ્મિત ફરકાવે કે હાથ હલાવે એટલે એમને રાહત અને મારો બાળદોસ્ત ખુશખુશાલ. મમ્મી-પપ્પા સાથે બહારથી જ શરત કરે કે મારી બધી વાત, ફરિયાદ હું જ કરીશ. કેટલાક શરમાળ દોસ્તો બહાર આ શરત કરે પણ અંદર આવી મૂંગામંતર થઈ

*થશે અશ્વને થોભું કેમ ?*<br>
*સંધ્યાનું અંધારું ગીચ !*

જાય, પરંતુ મોટા ભાગના દોસ્તોનો વાક્પ્રવાહ એવો ચાલે કે એમને અટકાવવા મુશ્કેલ.

બીમારીની વાત પતે એટલે 'નવા-જૂની'ની વાતો થાય. બર્થ-ડે કેવી રીતે ઊજવી ? ફરવા ક્યાં ગયા ? સ્કૂલમાં કેમ ચાલે ?... આ મારા સવાલો એની સામે 'ડૉક્ટર અંકલ ! તમે કયા ધોરણમાં ભણો છો ?' એવા સવાલ કદી આવી જાય. કામનું દબાણ ન હોય તો હુંય નવા-નવા વિષય કાઢું અને સામે ફાઈલનો ઢગલો હોય તોય મારો બાળદોસ્ત નિરાશ થાય એટલી ઉતાવળ હું કદી ન કરું. એ પણ મારી વ્યવસ્તતા સમજે. જલદી-જલદી પોતાની મુલાકાત પતાવી બહાર નીકળે. બહાર નીકળતી વખતે 'મારી ફાઈલ મારા હાથમાં' અને 'દરવાજો હું જ ખોલીશ' આ બે એના દુરાગ્રહો. બંધ થતા દરવાજાની વચ્ચેથી છેલ્લી વાર દરેક ભાષામાં 'ટા... ટા... બાય... બાય... આવજો... સી યુ...' કરી લે. બહાર નીકળ્યા પછી સાહિલ નામનો મારો બાળદોસ્ત તો અચૂક બીજા દર્દીને કહે, 'જાઓ, હવે તમારો વારો !' અને પછી વગર દવાએ સારું થઈ ગયું હોય એમ ઊછળતો-કૂદતો ભાગી જાય. ભોળપણ અને ઉત્સાહથી ભર્યા-ભર્યા મારા આ બાળદોસ્તો મારો ગમે તેવો થાક ઉતારી નાખે. એમની તાજગી અને એમનો તરવરાટ એક તરફ અને દુનિયાનાં તમામ દુઃખો બીજી તરફ ! તોય પલ્લું એમનું ભારે થાય.

ડૉક્ટર-દર્દીનો અમારો આ વિશિષ્ટ સંબંધ ભય, આશંકા અને અશ્રદ્ધાથી શરૂ થાય. મા-બાપે બાળકના મનોપટ પર ડૉક્ટરનું ભયાવહ ચિત્ર દોર્યું હોય. તોફાન કરશે તો ડૉક્ટર ઈન્જેક્શન મૂકી દેશે. જમશે નહીં તો ડૉક્ટર બાટલો ચઢાવી દેશે. આવી ભયગ્રસ્ત માનસિકતા સાથે બાળક મારે ત્યાં આવે. હું સ્વભાવવશ એને આવકારું, એની સાથે હાથ મિલાવું. ખુરશી પર અઢેલીને, અક્કડ બેસીને માબાપ સાથે વાત કરવાને બદલે સહેજ ઝૂકીને, વાંકા વળીને, એની ઊંચાઈએ પહોંચીને આંખમાં આંખ મેળવી વાત કરું. એ મારી અંદર રહેલા બાળકનાં દર્શન કરે, હું એની અંદર રહેલી 'મોટાઈ' નિહાળું. આ અમારો 'વન-ટુ-વન' સંબંધ ! બેથી બાર વર્ષના તમામ દર્દીઓ મારા મિત્રો થઈ જાય. પછી તો છીંક આવે કે સાધારણ શરદી થાય તોપણ ફાઈલ શોધી લાવી મમ્મી-પપ્પાને કહે, 'ડૉક્ટર અંકલ પાસે જવું છે.' એને બિચારાને ક્યાં ખબર છે કે ડૉક્ટર અંકલને મળવાની કિંમત ચૂકવવી પડે છે !

ચાર વર્ષના ટાબરિયાનેય શ્રદ્ધા એવી કે આજુબાજુના કોઈ બીમાર પડે તો મારા ડૉક્ટરને બતાવો !' એવી સલાહ આપે. મારા આ અવેતન પ્રચારકો પોતાના અડોશી-પડોશી કે નાના ભાઈ-ભાંડુની સાથેય મારે ત્યાં આવવાનો આગ્રહ રાખે. બાળકને તપાસવાની મારી પ્રક્રિયાનું ઝીણવટભર્યું અવલોકન કરે. (ઘરે જઈને નકલ કરવા જ તો !) નાના ભાઈ-ભાંડુને ઈન્જેક્શન મૂકવાનું હોય તો એને માથે હાથ ફેરવે, આશ્વાસનના બે શબ્દો કહે, એની હિંમત વધારે. તે છતાંય જો એ ભૂલકું રડે તો 'ચૂ...પ' કહી બરાડોય પાડે.

ક્યારેક મારા તબીબ-ધર્મ અને મિત્ર-ધર્મ પરસ્પર ટકરાય, તબીબ-ધર્મ કહે એનો રિપૉર્ટ કરવો પડશે, એને ઈન્જેક્શન મૂકવું પડશે, બૉટલ ચઢાવવી પડશે. મિત્ર-ધર્મ કહે કે બિચારાને કેટલું દુઃખ થશે ! તબીબ-ધર્મ વિજયી થાય ત્યારે મારા બાળદોસ્ત નારાજ થાય, પણ એમની એ નારાજગી કેટલા દિવસ ટકે ? મને યાદ આવે છે કે મારો એક મુસ્લિમ બાળમિત્ર ઝૈદ ! એને રિપૉર્ટ કરવા માટે લોહી લેવાનું હતું. એને ખબર પડી કે તરત હિન્દી ફિલ્મોની અદામાં બે કાન પર બે હાથ મૂકી 'નહીં...!' કહીને ચીસ પાડી. છતાંય લોહી તો લેવું જ પડ્યું. પછી એ બોલ્યો : 'દાક્તર-સા'બ ! તુમ તો મેરા ખૂ...ઉ...ઉ...ન પીતે હો !' બિલકુલ ફિલ્મી સ્ટાઈલ. પરંતુ એ ખૂન પીનારા ડૉક્ટર

*ભૂલ નથી ને ? એવું પૂછવા*
*ઘૂઘરીઓને હળુ હલાવે;*

સામેનો એનો રોષ અઠવાડિયામાં ઓગળી જાય અને મિત્રતા ફરી મોરી ઊઠે.

સાજિયા ચાર વર્ષની બાલિકા. મગજનો ટીબી થયો. એમાં વીસ દિવસ બેહોશ રહી. માંડ-માંડ જીવ બચ્યો, આશા નહોતી છતાં બોલતી-ચાલતી થઈ. નેવું દિવસ થાપા પર ઈન્જેક્શનનો કોર્સ કરવાનો હતો. રોજ આ દર્દનાક પરિસ્થિતિમાંથી પસાર થવા માટે એ મારા ક્લિનિકમાં આવે. 'ગુડ મૉર્નિંગ.' બોલવા જાય પરંતુ એની જીભ એને સાથ ન આપે એટલે એ બોલે 'ડુ...ક મૉર્નિંગ.' કોઈ દિવસ ઈન્જેક્શન મુકાવવા સવારે આવે, કોઈ વાર સાંજે આવે. સાંજે આવે તોય પેલું 'ડુ...ક મૉર્નિંગ.' મેં એને 'ડુ...ક ઈવનિંગ.' શિખવાડવાનો પ્રયાસ કર્યો પણ નિષ્ફળ! કદી હું ન હોઉં તો અમી (મારા સહકાર્યકર ડૉક્ટર પત્ની)ને પૂછે : 'અંકલ કહાં ગયે ?' અમી ન હોય તો મને પૂછોઃ 'આન્ટી કહાં ગઈ ?' અને બીજા દિવસે 'ફોલો-અપ' કરે, 'કલ કહાં ગયે થે ?' ઈન્જેક્શન મુકાવતાં પહેલાં મને આશ્વાસન આપે. 'આજે નહીં રોઉંગી.' ઈન્જેક્શનની પીડાથી આંખમાં આંસુ આવી જાય. સહેજ રડાઈ જાય, પણ પછી તરત હસતી થઈ જાય.

મારા આ બાળદોસ્તો મને રસ્તે, કોઈ રેસ્ટોરાંમાં કે નાટ્યગૃહમાં મળી જાય તો એમના આનંદની અવધિ ન રહે. એમનાં માબાપ જરા સંકોચ અનુભવે, પણ આ બાળકો! દોસ્તીમાં વળી સંકોચ શાનો ? તરત દોડી આવે. એક-બે વાત કરીને પોતાની મસ્તીમાં પરોવાઈ જાય. કદીક કન્સલ્ટિંગ-રૂમમાં આવે ત્યારે 'ડૉક્ટર અંકલ, કાલે તમે અમારા ટી.વી.માં આવેલાને!' ડૉક્ટર અંકલને ટી.વી. પર મળવાનો આનંદ વિશેષ! (એમાં ઈન્જેક્શનનો ડર નહીં) પડોશીઓને, મિત્રોને સહુને ટી.વી. પાસે એકઠા કરી દે અને જ્યાં સુધી એમના ડૉક્ટર અંકલનું થોબડું ટી.વી. પર હોય ત્યાં સુધી કોઈની મજાલ છે કે ચૅનલ બદલે!

મારી સાથેના સંબંધથી આ બાળકોએ શું મેળવ્યું હશે, એ તો બાળકો જ જાણે, પરંતુ મને તો જીવનના અમૂલ્ય બોધપાઠો એમની પાસેથી શીખવા મળ્યા. આ પહેલાં મેં 'કુતુહલ', 'ભોળપણ' વગેરે શબ્દો જ સાંભળ્યા હતા, આ બાળકોએ મને એનો સીધો પરિચય કરાવ્યો. પુખ્ત વ્યક્તિઓ સાથેના સંબંધોમાંથી તો તરત મલિનતા, મતલબ, ભ્રષ્ટતા અને ખટપટની વાસ આવવા માંડે છે. આ કહેવાતા (અને કહોવાતા) સંબંધોના ખાબોચિયામાં એ તાજગી, એ તરવરાટ, એ ઉમળકો ક્યાં ? આપણે, બાળસહજ વિસ્મય અને નિર્દોષતાનો ભોગ આપી પુખ્તતા અને પાકટતા પહેરી લઈએ છીએ અને આપણાં બાળકો પણ વહેલી તકે એમ ન કરે ત્યાં સુધી આપણને ચેન પડતું નથી.

મારા આ વહાલા બાળદોસ્તીની સસલાં જેવી નિર્દોષતા સ્કૂલ-ટ્યૂશન-હોમવર્કના ભાર નીચે, કડક શિક્ષકો અને અક્કડ માબાપની છત્રછાયા તળે કચડાઈ જતી હું જોતો રહું છું. એમને કંઈક બનાવવાના પ્રયાસમાં, 'તેઓ શું છે' એ વાત વીસરાઈ જતી હું જોઈ રહ્યો છું. મારા દરેક બાળદોસ્ત માટે સમાજ એક સોનાનું પીંજરું તૈયાર કરી બેઠો હોય છે અને એની પાંખોનો શમી રહેલો ફડફડાટ જોતાં મને ખૂબ દુઃખ થાય છે. છતાં એક વાતનું મને વિસ્મય પણ છે અને એ જ વાતનો મને સંતોષ પણ છે કે નવું જન્મતું બાળક હંમેશાં ભોળપણ અને કુતૂહલનો સંદેશ લઈને આવે છે. કુદરત કદી એમને મલિન કે પાકટ બનાવી નહીં મોકલે, માણસે-સમાજે એ માટે મહેનત કરવી પડે છે.

મારે મારા બાળદોસ્તોને એટલું જ કહેવાનું છે કે બાળદોસ્તો! તમે દર્દીના સ્વાંગમાં એક ડૉક્ટર પાસે આવતા રહ્યા અને ડૉક્ટરના દર્દનો તમારા થકી ઈલાજ થતો રહ્યો, એની કન્સલ્ટિંગ ફી તમે માગો ત્યારે અને તેટલી ચૂકવવા હું તૈયાર છું.

* * *

*નાદ હવાનો હૈયે હળવા*
*હિમ-ઝરમર-રવ કશો બિછાવે!*

# પત્ની કહું કે મિત્ર કહું ?

**- ક્ષેમુ દિવેટિયા**



દસેક વર્ષ પહેલાં 'માતૃમંગલા'માં 'મારી અમ્મા' પર એક લેખ લખેલો. એનો અંત આવો હતો - શ્રી ભગવતીકુમાર શર્માની કવિતાની બે પંક્તિ -

'મા મારી પહેલી મિત્ર, અને શ્રેષ્ઠ મિત્ર અને છેલ્લી પણ.' પરંતુ મારા જીવનમાં એક બીજી વ્યક્તિ મને એવી મળી કે જે એક વિશિષ્ટ, આત્મીય અને પ્રિય હતી. એમાંથી મારા જેવા એક સામાન્ય માણસને મનુષ્યસંબંધની મહેક મળી ગઈ! એને મારી પત્ની કહું કે મિત્ર કહું ? કદાચ મિત્રનું પલ્લું નીચે નમે અને એટલે જ હું આટલે ઊંચે ગયો!

''અમદાવાદમાં રહીએ અને તે પણ એલિસ બ્રિજમાં! એટલે 'રંગમંડળ'ના છાંટા ઊડ્યા વગર ન રહે. અમે રાસ-ગરબામાં સૌપ્રથમ વાર ભેગાં થયેલાં અને નસીબજોગે એ જ મારી પાર્ટનર - રાસમાં. એમ જિંદગીનો રાસ અનાયસ શરૂ થયો. ગાવામાં સુંદર, ખુલ્લો અવાજ. (એ ભણી તે) નવચેતન સ્કૂલ હોય કે પ્રીતમનગરના અખાડાનું મેદાન હોય - લોકો ભેગા થઈ જાય કે સુધા લાખિયા ગાય છે. અમારી આ સંગીતટોળકી એક વાર જૂનાગઢ ગઈ. ગિરનાર ચઢ્યાં. અમે બે સૌથી નાનાં હતાં (અઢાર વર્ષનાં). એટલે બધાંથી આગળ સાથે દોડતાં પગથિયાં ચઢ્યાં. આજુબાજુ કાંઈ આધાર નહીં એટલે અનાયાસ દોડતાં-દોડતાં એકબીજાના હાથ પકડી લીધા! ૬૦ વર્ષ પહેલાં પકડેલા હાથ હમણાં બે વર્ષ પહેલાં અચાનક છૂટા પડ્યા. અલગ જ્ઞાતિના હોવાથી થોડાક વિરોધ સાથે ૧૯૫૧માં લગ્ન થયાં. એટલે પહેલી મિત્રતા અને પછી લગ્ન. લગ્નને ૫૦ વર્ષ પૂરાં થવામાં ચાર મહિનાં બાકી હતા ને એણે વિદાય લીધી, પણ વિધિનો સંકેત જુઓ. અમે નક્કી કરેલું કે આપણે લગ્નનાં ૫૦ વર્ષ ઊજવવાં નથી! ને એવું જ થયું!

પણ આ વર્ષો દરમ્યાન મેં જે કાંઈ જોયું તે અમારા બંનેની આંખે - એ કાંઈ બહુ ભણી ન હતી. માંડ મૅટ્રિક સુધી. પણ મૉન્ટેસરીની Training લીધેલી એટલે બાલમંદિરમાં લગભગ નવ વર્ષ નોકરી કરેલી. પણ મને લાગ્યું કે ભલે ભણી ન હોય, આ એનું ક્ષેત્ર નથી. અત્યારે મને મારા પપ્પા યાદ આવે છે. મારાં અમ્મા ખાસ ભણેલાં નહીં, પણ પપ્પા Physicsના Professorને ગુજરાત કોલેજના Principal પણ ખરા. એટલે ધીમે ધીમે મારાં અમ્માને એવાં ઘડેલાં કે ભરતગૂંથણ, રસોઈ, ગુજરાતી-અંગ્રેજી, હિંદી બધામાં પારંગત કર્યાં. બેડમિન્ટન, ટેનિસ રમે ને બ્રિજ જેવી પાનાંની રમત પણ રમે. એમ જ મને થયું કે સુધાને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તરફ વાળવી. આકાશવાણી પર ગાવાનું શરૂ કર્યું. 'A grade artist થઈ. આકાશવાણી ઉપર રસિકભાઈ ભોજકે એક Light Music Unit કરેલું. અમદાવાદના સારા-સારા ગાયક કલાકારો પાસે વૃંદગાન ગવડાવીને

*વન આ ઊંડાં, સુંદર, શ્યામ:*
*પણ મારે કરવાનાં કામ*

ધ્વનિમુદ્રિત કરે. એમાં પણ સુધાનું મળતાવડાપણું ને હસમુખ ચહેરો ને લાગણીને લીધે બધા કલાકારો એને 'મમ્મી' કહેતા ને એટલે મારું નામ 'પપ્પા' પાડેલું. આ જ પ્રણાલી 'શ્રુતિ' વૃંદગાનમાં પણ ચાલુ રહી. એ જ પ્રમાણે INTમાં પ્રવીણ જોશી એને 'માશી' કહીને જ બોલાવે તો lightmanથી માંડીને હીરો-હિરોઈન ને પછી આખું INT એને 'માશી' કહીને જ બોલાવે. કહે છે ને ઘણી વ્યક્તિઓની આજુબાજુ એક જાતનું લોહચુંબકીય આવરણ હોય છે, એવું જ કંઈક સુધામાં જરૂર હશે.

ગરબા અને લગ્નગીતો તો એના લોહીમાં હતાં. INT (મુંબઈ)માં અમારા બધા મિત્ર દામુ ઝવેરી, ચંદ્રકાન્ત દલાલ, ગૌતમ જોશી, મનસુખ જોશી, બધા જ એટલે અમે INT (અમદાવાદ) શરૂ કર્યું. ગરબા ગ્રુપ કર્યું. દર વર્ષે કરવાના. ગુજરાત-સૌરાષ્ટ્ર રાસગરબા હરીફાઈ કરી, કાગબાપુ ને પિંગળશીભાઈનો ડાયરો કર્યો ને સૌથી પ્રચલિત થયું એનું 'લગ્નોત્સવ' ગુજરાત કૉલેજના મેદાન ઉપર ૪૦'x ૮૦' નું સ્ટેજ ગામડાનું ને શહેરનું લગ્ન, એનાં ગીતો, રીતરિવાજો અમદાવાદના લગભગ ૨૦૦ કલાકારો ને technology મુંબઈની INT ની. આ બધાની વ્યવસ્થા, લગ્નગીતો, બધાની જવાબદારી સુધાની હતી. કલાકારને વ્યવસ્થાશક્તિ બંનેનો સમાવેશ એક જ વ્યક્તિમાં! પાંચેક હજાર શ્રોતાઓએ એ બધું માણેલું.

રાણી એલિઝાબેથ અમદાવાદ આવવાનાં હતાં. ગવર્નર હાઉસની પાછળ એમને ગરબા ને લગ્નોત્સવ બતાવવાના હતા. જવાબદારી સુધા ઉપર આવી. એની હિંમતને દાદ આપવી પડે. એની બોલવાની ટેવ પ્રમાણે વાક્ય 'ના'થી શરૂ થાય, પણ એનું attitude positive હોય. આ વિશિષ્ટ વ્યક્તિત્વ. હંમેશાં હસીને એટલે કે smile સાથે જ બીજાની સાથે વાત કરે. વ્યક્તિ ગમે તેટલો સારો વેષ-પરિધાન કરે કે અલંકારો પહેરે પણ ચહેરા ઉપર સ્મિત ન પહેરે ત્યાં સુધી એ બધું દીપી ન નીકળે. મારે કહેવું જોઈએ કે અમે યુરોપ - ઈંગ્લૅન્ડના પ્રવાસે ગયાં, પણ એણે ગુજરાતી પહેરવેશ કદીય છોડ્યો ન હતો. અમારી જોડે એક જર્મનદંપતી હતું. એની પત્નીને ગુજરાતી સાડી પહેરાવેલી ને એનો ડ્રેસ પોતે પહેરેલો! પૅરિસમાં અમારા બધા સહયાત્રીઓને એણે ગરબા ને લગ્નોત્સવની નાની આવૃત્તિ પણ બતાવેલી. અંગ્રેજી બહુ આવડે નહીં પણ ફેંકે રાખે! પણ એના વ્યક્તિત્વમાં કશુંક લોહચુંબકીય આકર્ષણ હતું અને બધાને પોતાના કરી લેતી.

અમારી આખી જિંદગી સંગીતમય ને તે પણ બધાની સાથે મળીને. અમે ટોળાનાં માણસ. એવું અમારું એક ટોળું એટલે 'આનંદમ્' વસુબહેન ભટ્ટ એમાં કેન્દ્રમાં. વસુબહેન આકાશવાણી પર હતાં ત્યારે એક 'માતાજી'નો કાર્યક્રમ કરેલો ને શ્રેયસ સ્કૂલના open air માં 'રંગ દે રી ચુનરિયા' હોળીનો કાર્યક્રમ પ્રસ્તુત કરેલો. એમાં પણ લગભગ ૨૦૦ કલાકારોએ ભાગ લીધો. ને લગભગ સાતેક હજાર શ્રોતાઓએ માણેલો. પણ વ્યવસ્થામાં વસુબહેનને સુધા તો જોઈએ જ. 'આનંદમ્' નું નામ પહેલાં પાન-સોપારી હતું. સુધાએ 'આનંદમ્' બદલાવ્યું, કારણ એની જિંદગીમાં આનંદ એ જ મુખ્ય પાત્ર હતું.

સગાંસબંધીમાં કોઈની પણ માંદગીમાં એ ખડે પગે ઊભી રહેતી. એમાં પણ મારાં અમ્મા મોટી ઉંમરે પડી ગયાં - બે પગે ફ્રેક્ચર. છ મહિનાનો ખાટલો ને એ પછીની સારવાર સુધાએ જે રીતે કરી છે એને સલામ મારવી પડે, એ એની બીજી માનવ તરફની લાગણી હતી. એની મિત્રતા, સંબંધ બધા સાથે એવા હતા કે સામેની વ્યક્તિ સો પગલાં દૂર હોય ને એ એક પગલું આગળ આવે તો સુધા બાકીનાં નવ્વાણું પગલાં માંડીને એને ભેટે. એણે ઘણાની સેવા કરી, પણ પોતાની સેવા કરવાનો મોકો કોઈને ન આપ્યો. એ પોતાની જાતને ફ્લોરેન્સ નાઈટિંગલ કહેતી!

**(અનુસંધાન પાના નં. ૨૫ ઉપર)**

*જોજનનાં કૈં જોજન દૂર*
*નીંદર પહેલાં જવું જરૂર ...*
*- નીંદર પહેલાં જવું જરૂર ... !*

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જશમુખ પોપટલાલ શાહ (દંડ)** (PS 4945) | C/o. વિમલ ટ્રેડીંગ કું., પ્લોટ નં. ૪૭૬૪, વી રોડ, જીઆઈડીસી ફેઝ ૩, જીઆઈડીસી દરેડ, જામનગર - ૩૬૧ ૦૦૪. મો.: Jashmukh 9979871479, Hardik 8980419419 |
| **વિમલ ગુલાબ મૈશેરી** (PS 7292) | બી/૪૯, જલારામ સોસાયટી, શિવશક્તિ એપાર્ટમેન્ટ સામે, મુંદ્રા ગુંડાલા રોડ, મુંદ્રા - ૩૭૦ ૪૨૧, કચ્છ. મો.: 9819344420 |
| **અનિલ કુંવરજી દંડ** (PS 3561) | સી-૩૨, લાવણ્ય કો.હા.સો., ગુરૂકૃપા નગર, નહેરૂ વિલેજ રોડ, હીરા નગર પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 9819074274 / 9320442232 |
| **રાજેશ છગનલાલ લોડાયા** (PS 1533) | ડી-૧૧, રિધ્ધી સિધ્ધી એપાર્ટમેંટ, ૩જે માળે, શાંતિ ઈન્ડ. એસ્ટેટ પાસે, સરોજિની નાયડુ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 9819006319 |
| **શ્રીમતી અમિતા કિરીટ શાહ (દંડ)** (PS 2688) | બી-૧૫૦૨, તુલસી ઑરા, પ્લોટ નં. ૨૦/૨૧, સેક્ટર ૮, ડી માર્ટની સામે, ઘન્સોલી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૧. મો.: 9920525159 |
| **દિનેશ નારાણજી લોડાયા** (PS 3250) | ૩૦૧, ત્રિવેણી સંગમ ટાવર, વૉટર ટેન્ક/ગાર્ડનની સામે, આયરે રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 9323993282 |
| **ભરત જયંતીલાલ માલ્દે (ડાઘા)** (PS 3599) | ૧૦૦૨, બિલ્ડીંગ નં. ૩, રાજ વૈભવ કોમ્પ્લેક્સ, ગણેશ નગર, ચર્ચ પાસે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **મનોજ નારાણજી નાગડા** (PS 7001) | ઘાટપુરી નાકા, આર. કે. સંકુલ, પ્લોટ નં. ૨૦૧, ખામગામ - ૪૪૪ ૩૦૩. મો.: 07263-252242, 9422184042 |
| **સુનીલ હીરજી લોડાયા** (PS 3264) | નેહા કૃપા બિલ્ડીંગ, ૨જે માળે, બી-૨૧૨, સર્વોદય વસાહત, ટાકી રોડ, સોની નિવાસ સામે, નાલાસોપારા (ઈસ્ટ) - ૪૦૧ ૨૦૯. મો.: Sunil 9892394163, Dipti 9004787407 |

## પત્ની કહું કે મિત્ર કહું? (અનુસંધાન પાના નં. ૨૨ થી ચાલુ)

સુધા સુગમ સંગીત ગાતી પણ એનો અવાજ ને style લોકસંગીતને વધારે અનુકૂળ હતાં. હેમુ ગઢવી અમારો ખાસ મિત્ર. અમદાવાદ આવે તો અમારે ત્યાં જ હોય. એની પાસેથી ઘણાં ગીતો શીખી ને રાસ-ગરબાના steps પણ. 'લગ્નોત્સવ' (INT) કર્યું તે પહેલાં સ્વ. ઈસ્માઈલ વાલેરા ને અમારે ઘેર રાખી સૌરાષ્ટ્રનાં લગ્નગીતોના ઢાળ પણ શીખી.

'સંગીતસુધા'નાં લગભગ સો ગીતોના ધ્વનિમુદ્રણ વખતે એ હાજર, બધાં ગીતોની પસંદગી ને કલાકારોની ગીત માટે પસંદગીમાં એનાં ઘણાં સૂચનો મને કામ આવ્યાં. મેં પણ એની યાદમાં જ 'સંગીતસુધા' ની આ દસ કેસેટો આપી છે. મને સંતોષ છે કે મેં યોગ્ય જ કર્યું છે, એના ગયા પછી નહીં, એની હયાતીમાં જ.

સુધાની વિદાય પછી જ્યારે મુંબઈ ગયો - એકલો, દરિયામાં મારું એક આંસુનું ટીપું પડી ગયું છે. એનું મોતી થઈને મને જડશે ત્યાં સુધી એ મારી મિત્રપત્નીને યાદ કરીશ. રોજ રાત્રે સૂતી વખતે ઈશ્વરને યાદ કરીને હું મનમાં બોલતો રહું છું - 'સુધા, Good night. I miss you, I love you.' આખી જિંદગી અમે બંને મિત્ર બનીને રહ્યાં એવું લાગે છે. સાધારણ કુટુંબમાં ઊછરેલી સુધાનો જીવ સંતોષી હતો - માતાજીમાં અપાર શ્રદ્ધા. દર ભાઈબીજે અવિનાશભાઈ સાથે અંબાજી પણ જતાં - એ સંતોષી હસતો ચહેરો ફરી ક્યારેય જોવા નહીં મળે. કવયિત્રી પન્ના નાયકના એક ગીતની બે કડી યાદ આવે છે :

સોના વાટકડી જેવું આ કાળજું ને વહાલનું કેસર ઘોળ્યા કરું

આંખની સામે જે ચહેરો હતો, એ ચહેરાને હું તો ખોળ્યા કરું.

૧૯૪૩ માં અનાયાસે મળેલા હાથ ૨૦૦૦માં અચાનક છૂટી ગયા! મિત્ર-પત્ની ભૂલવી અશક્ય છે. સુધા સાથેના સંબંધનું સરોવર તો સુકાઈ ગયું! ને શેવાળ જેવો હું?....

* * *

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ રાયપુર

શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ રાયપુર દ્વારા ચાતુર્માસ ૨૦૧૬ દરમિયાન પરમ પૂજ્ય સાધ્વી શ્રી સમય ગુણાશ્રીજી તથા શ્રી શ્રુત ગુણાશ્રીજી મ.સા. ની નિશ્રામાં વિવિધ કાર્યક્રમો યોજાયેલ.

તા. ૧૬/૦૯/૨૦૧૬ પ.પૂ. ગુણોદયસાગર સુરીશ્વરજીના ૮૫મા જન્મોદિવસ નિમિત્તે શાંતિ સ્નાત્ર મહોત્સવ.

તા. ૧૮/૦૯/૨૦૧૬ અઢાર અભિષેક મહોત્સવ.

તા. ૨૪/૦૯/૨૦૧૬ ભાવભીની ચરિત્ર ઉપકરણ વંદના વલી.

તા. ૨૮/૦૯/૨૦૧૬ થી અદભૂત પ્રભાવકારી ૨૧ દિવસીય શ્રી વિમલનાથ પ્રભુના જાપ સહ પ્રભુ શ્રી વિમલનાથ દાદાનું પૂજન.

ભાદરવા વદ અમાસના પરમ પૂજ્ય ગુણ સાગર સુરીશ્વરજીની ૨૮ મી પુણ્ય તિથિ નિમિત્તે ગુરુદેવની પૂજા અને ૩ દિવસીય આયંબિલની તપસ્યા થયેલ.

આસો સુદ સાતમ થી શ્રી સિદ્ધચક્રની આરાધના.

### શ્રી તીરૂપુર જૈન સંઘ

તીરૂપુર સંઘને આંગણે પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભુસાગરજી આદિ ઠાણા ૩ ની નિશ્રામાં વિવિધ કાર્યક્રમો યોજાયા છે. તા. ૧૬-૯-૨૦૧૬ ના શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના તપસ્વીઓ તરફથી શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પૂજન કરાવેલ અને બપોરના શ્રી તીરૂપુર જૈન સંઘ તરફથી શ્રી સકળ સંઘનું સ્વામી વાત્સલ્ય જમણ રાખવામાં આવેલ.

તા. ૨૫-૯-૨૦૧૬ના શનિગ્રહાધિપતિ શ્રી મુનીસુવ્રત સ્વામી મહાપૂજન શ્રી કાર્તિક ભાઈ સોલંકી તરફથી રાખાયેલ બપોરે શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય જમણ રાખેલ. શ્રી સકળ સંઘે લાભ લીધેલ. સકળ સંઘમાં આનંદ મંગલ વર્તે છે. પ.પૂ. મુનીરાજ શ્રી ધર્મશેખર શ્રી નાં વ્યાખ્યાન બધાને ડોલતા કરી દે છે.

### સખી વૃંદ પુણેની વાર્ષિક સભા

સખી વૃંદ પુણેમાં તા. ૧ ઓક્ટોબરના મંડળની ચોવીસમી વાર્ષિક સભાનું આયોજન ઇન - ગ્રીન હોટલમાં કરાયું હતું. સર્વે સભ્ય બહેનોનું સ્વાગત મંડળવતી નાની પર્સ (વાલેટ) આપીને કરાયું. આજનો મુખ્ય વિષય નુમોરોલોજી હતો. એને લક્ષમાં રાખી સર્વે બહેનોનો લાઈક પાથ નંબર અપાયેલ.

બેઠકનું સંચાલન કરનાર વંદના મણીલાલ ધરમશી અને કોમલ કલ્પેશ ધરમશીએ સૌનું સ્વાગત કરી. નુમોરોલોજીનો પરિચય આપ્યો.

નવકાર મંત્રનું ઉચ્ચારણ વખતે આપણી કેવી મુદ્રા હોવી જોઇએ તથા એ મુદ્રામાં બેસવાનું મહત્ત્વ શું છે એની વિસ્તાર પૂર્વક સમજ લીલાબેન રાયચંદ નાગડાએ આપી સાથે બધી બહેનો દ્વારા નવકારનું પઠન કરાયું. પ્રમુખશ્રી શ્વેતાબેન જ્ઞાનેશ ડાઘાએ સર્વેનું સ્વાગત કર્યું.

શ્વેતાબેન જ્ઞાનેશ ડાઘા, મીરાબેન રાજેન્દ્ર મોમાયા અને ઈલાબેન દંડએ વરસી તપની આરાધના કરી રહ્યા છે. મંડળવતી એમની અનુમોદના કરાઈ. ઑક્ટોબરમાં આવતા સભ્ય બહેનોનો જન્મ દિવસની વધાઈ અપાયેલ. લાઈફ પાથ નંબરના મુજબ વ્યક્તિનુ વ્યક્તિત્વ કેવું હોય એની ગીતના માધ્યમથી રસપ્રદ રજુવાત સંચાલકો દ્વારા કરાઈ.

મંત્રી કલ્પના દુષ્યંત લાપસિયા દ્વારા વર્ષ દરમિયાન લેવાયેલ મિટિંગના સભ્યોનું અભિવાદન કરાયું. દરેક મિટિંગનો ટૂંકમાં અહેવાલ વાંચ્યો, ખજાનચી પુષ્પા લોડાયા ગત વર્ષના હિસાબની સમજણ આપી.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

ઇનામ વિતરણ થયું.

સ્વરચિતમાં સર્વશ્રેષ્ઠ મિટિંગનું ઇનામ વંદના મણીલાલ ધરમશી (Bouquet making) અને હેતલ હેમલ મૈશેરી (folder making) ને અપાયા. સ્વઆયોજીત વર્ગમાં સર્વશ્રેષ્ઠ મિટિંગનું ઈનામ નલીનીબેન નરેન્દ્ર લાપસીયા (Bread making) ને આપેલ.

Most Popular Meeting નું ઇનામ સભ્ય બહેનોના મત મુજબ હેતલ હેમલ મૈશેરી (folder making) અને કાશ્મીરાબેન દિનેશ લોડાયાને મળ્યો. આ ઇનામમાં અને ભેટ મીતાબેન પ્રશાંત શાહ તરફથી અપાય છે.

૨૦૧૫-૨૦૧૬ની કુલ હાજરીની ભેટના હકદાર નલીનીબેન નરેન્દ્ર લાપસીયા, નીતાબેન અજય દંડને કલ્પના દુષ્યંત લાપસિયા રહ્યા.

નવા જોડાયેલ સભ્યોને પોતાના પરિચય આપેલ. Kitchen Queen ની સમાપન વિધિ વંદના ધરમશીએ કરેલ. શ્રેણીના છેલ્લા મડણકાના વિજેતા મીતા પ્રશાંત શાહ અને હેતલ હેમલ મૈશેરી રહ્યા.

Kitchen Queen નો ખિતાબ હીના દિપક શાહ અને કલ્પના દુષ્યંત લાપસિયાને Chefhat પહેરાવી અપાયો ભેટ પણ અપાઈ.

મીતાબેન શાહે આભાર વિધિ વ્યક્ત કરી.

## ભૂલ સુધાર

ગતાંકમાં શ્રી અરિહંત કો.ઓપ. બેંક લી. અને કે.ડી.ઓ. સીએ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૬ના જીએસટી (GST) પ્રસ્તાવિત કાનૂન સંબંધી યોજાયેલ સેમિનારમાં આપણી જ્ઞાતિના સીએ શ્રી રાજીવ લુઠિયાએ પણ વક્તવ્ય આપ્યું હતું, તે અંગેના છપાયેલ સમાચારમાં તેમનું નામ સુધારીને વાંચવું.

## દશા નાતજી લાખેણી લાક્ષણિકતા...

તેની પાંજ્યું બાયું હલયું સમય ભેરીયું ને ખયોં મથેતેં ભરીયું
ને અજ એરહોસ્ટેસ ને પાયલોટ થૈ ચોવાણયું આકાશ પરીયું
શણગાર ઓછા હુવા તોયે, બાઇયું શોભધ્યું હુઇયું ઘરોઘર
પિંઢ અપટુડેટ રૈ બે કે શણગારેલા અજ હલાંઇયેં બ્યુટી પારલર
રખેં લમ્મી દૃષ્ટિને ખુલ્લો આય, પરિવર્તનશીલ મન
વહેંધે સમયજે સથવારે હલધલ, ઇજ નાતજો વિશેષ લક્ષણ
સુખ હુવે કાં દુ:ખ હુવે, સૈંયે થૈને વડા ખમતીધર
કરમેંકે સંભારે ડીં કઢેં, સમતા રખી થીંયે પગભર
સુખ હુવે કાં ડુખ હુવે, કઢીંયે ન પિંઢજો કંધ
માડુ મીળે હિંમત વારા, તડેં પુજેતા પિંઢજે પંધ
ધર્મ ભાવના ડિસજે વડી, ઠેક ઠેકાણે બંધ્યાં દેરાસર
જેંજી વડી ને નિંઢી પંચતીર્થી શોભે કચ્છજે અંદર
ફક્ત અચલગચ્છ કે વરેલી દશોંજી ધર્મ પ્રેમી નાત
ગચ્છજી ઉન્નતિમેં યોગદાન ડૈ, ચૈં દિશ થ્યા વિખ્યાત
સંખ્યા થુડી પણ કમ ક્યોં જિજ્જા લક્ષ સાધેમેં રેં આતુર
રશ્મિનચેં માઁ મહાકાલીજી મ્હેરસેં નાતે મેં નાત ઇ થૈ કોહીનૂર
મુંભઇમેં બંધારણ ઘડેમેં પહેલી થૈ દશોંજી નાત
સમાજ જીવન કે નંઇ દિશા ડૈ, વતાંય નંઇ વાટ
ઇન જ્ઞાતિમેં સન્ને માડુએંજા, મન અંઇ ઉદાર
ઘર અચીંધલ મેમાણજો, કંઇયેં વડો આદર સત્કાર
ડિગ્રી વિવિધ વિષયજી, હીન જ્ઞાતિમેં ભોશિયાલ
ઘર-ઘરમેં શોભે ગ્રેજ્યુએટ, જાણે વિધ્વતાજી મશાલ
જિત્તા વસ્યા વિદેશમેં, કઢચાં વડેરો નાં
ડંકો વજાયાં ધર્મજો, બોજી જલ્યાં બાં
વિદેશમેં થ્યા વેપારી, થ્યા સચ્ચા શાહ સોદાગર
શાખ વધાર્યાં પિંઢજી, ખેડચાં દેશ-દેશાવર
અલ્પ વસ્તીવારી પણ, આય ધૈર્યશાળી નાત
શૂન્ય મીંજાથી સાર્જન ક્યાં, ધન્ય ! દશોંજી નાત
ઇન જ્ઞાતિમેં કૈ પકયા, કઇ પકધાં સચ્ચા રત્ન
બહુ રત્ના વસુંધરા, નાતજે વિકાશલા કંઇધા યત્ન
ઇન નાતજા વખાણજે, રસ્મો રીત રીવાજ
દહેજજી પ્રથા નાંય, સુખ આયવડો વિંયાજે કાજ
સત્કર્મીને સેવાભાવી, જેજાં મન અંઇ ઉદાર
વિકાસ જો સચ્ચો માપ, ઇનજી સુશીલ ગુણીયલનાર
અન્નાપજિજજી સાધે ઉન્નતિને પ્રગતિ રખો એબી આશ
'રશ્મિન' વારંવાર વંદે જ્ઞાતિ મૈયાકે જેંજો અસીમ આય અવકાશ

– રશ્મિન ખોના (મુંબઇ)


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વડાપ્રધાન મોદીજીએ કાળા નાણા અને ભ્રષ્ટ્રાચાર રોકવા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રાષ્ટ્રહિતમાં રદ કરી તેના દુરોગામી સારા પરિણામો ધ્યાનમાં રાખી વર્તમાન તકલીફો અંગે સમતાધારી બનીએ.
– ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૧૬ | - | રૂહી, મનીષા વિપુલ લોડાયા | | પુત્રી |
| ૧૫-૧૦-૧૬ | - | દ્વીવેશા, હીમા નયન શાહ (પોલડીયા) | | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૧૬ | ડોમ્બીવલી | મનીષ કલ્યાણજી લખમશી ધરમશી | નાની સિંધોડી | ૪૨ |
| | ડોમ્બીવલી | સ્મિતા ભરતકુમાર વિશનજી લોડાયા | જખૌ | ૪૦ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૧-૧૬ | ડોમ્બીવલી | હાર્દિક નવીનચંદ્ર શામજી વિકમશી | વારાપધર | ૨૫ |
| | લોનાવલા | મમતા દિપક શિવાડે | લોનાવલા | ૧૯ |
| ૦૮-૧૧-૧૬ | ડોમ્બીવલી | અમિત અરવિંદ વિશનજી લોડાયા | નાની ખાખડી | ૩૨ |
| | લોનાવલા | મોનિકા બાલાસાહેબ ભુજબલ | લોનાવલા | ૨૩ |
| ૦૮-૧૧-૧૬ | ભાંડુપ | કુમાર રાજેશ મૈશેરી | કુવાપધર | ૨૯ |
| | લોનાવલા | આરતી નરેન્દ્ર તિવારી | લોનાવલા | ૨૦ |
| ૦૮-૧૧-૧૬ | ડોમ્બીવલી | ગૌરવ મહેન્દ્ર લખમશી છેડા | સુથરી | ૩૩ |
| | લોનાવલા | પ્રીતિ પંજાબ ઠાકરે | લોનાવલા | ૨૦ |
| ૦૮-૧૧-૧૬ | રંગપુર | મેહુલ ચંપકલાલ ગાંગજી ધરમશી | રંગપુર | ૨૮ |
| | લોનાવલા | ગૌરી સુભાષ હેગડે | લોનાવલા | ૨૨ |
| ૦૮-૧૧-૧૬ | મુલુંડ | પુરવ મધુસુદન નવીનચંદ્ર દંડ | છાડુરા | ૩૨ |
| | લોનાવલા | અનિતા સુરેશ ગુપ્તા | લોનાવલા | ૩૦ |

### અંતરજ્ઞાતિય સગપણ છૂટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૧-૧૬ | સાંતાક્રુઝ | બાહુષ હિરેનભાઈ ભોગીલાલ શાહ | લીંબડી | ૨૯ |
| | ડોમ્બીવલી | ખુશ્બૂ તિલક ગોવિંદજી પોલડીયા | ગોએરસમા | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૧૧-૧૬ | ઘાટકોપર | હીનાબેન નરેન્દ્ર લખમશી નાગડા | નલીયા | ૫૭ |
| ૦૭-૧૧-૧૬ | ઘાટકોપર | પૂર્ણિમા લક્ષ્મીચંદ શામજી ગોસર | બાયઠ | ૬૨ |
| ૦૯-૧૧-૧૬ | ઘાટકોપર | હીરાચંદ ચાંપશી ઉમરશી મોમાયા | વરાડીયા | ૮૩ |
| ૧૦-૧૧-૧૬ | ડોમ્બીવલી | મહેન્દ્ર માણેકજી લોડાયા | બાયઠ | ૬૫ |
| ૧૦-૧૧-૧૬ | ઘાટકોપર | પ્રમિલાબેન પ્રમોદ વીરચંદ મોમાયા | સાંયરા | ૭૨ |
| ૧૦-૧૧-૧૬ | ભાંડુપ | દિનેશ વિશનજી દંડ (ભલારાદાદાના ભૂવા) | સાંધવ | ૬૩ |

**ભગવાન તેલા ભલા કરેગા** પાના નં. ૯ થી ચાલુ

ઘણાંય લોકો દેખાશે કે જેમને આ બધું મળ્યું નથી કે જે તમને ઉપકારવાળાએ આપ્યું છે !

આપણે ઈશ્વરની કૃપાથી જે કાંઈ મેળવીએ છીએ તે એનું પાછું આપવું એ આપણી ફરજ છે. તે આપણું ઉત્તરદાયિત્વ છે. તે આપણે મેળવી લીધા પછી જ આપીએ છીએ. એટલે કે આપણે કોઈના ઉપર ઉપકાર નથી કરતા. ઈશ્વરે વરસાવેલી મહેરબાનીનો થોડો ભાગ પરત કરીએ છીએ. એક કરજ છે, જે ઉતારવું એ આપણી ફરજ છે.

વૃક્ષની જેમ ફળ આપીએ, નદીની જેમ પાણી પાઇએ. ફુલની જેમ સેવારૂપી સુંગધ પ્રસરાવીએ.

**– કુલીનકાંત ચાંપશી લુઠિયા –**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સામાજિક કાર્યકર

# ભાવપૂર્ણ શ્રદ્ધાજંલિ



જન્મ :
તા. ૯-૧૧-૧૯૩૩
અરિહંત શરણ :
તા. ૯-૧૧-૨૦૧૬
(એક જ તારીખે)

## હીરાચંદ ચાંપશી મોમાયા

(વરાડીયા - ઘાટકોપર)

૯મી નવેમ્બરે જીવનલીલાનો આરંભ અને અંત,
સાદું વ્યક્તિત્વ અને ફેલાયેલા લાગણી તંત.....
ધર્મમય જીવનથી અરિહંત શરણે ચિરશાંતિ પામો
સ્વજનો પ્રાર્થે મળે ઉચ્ચગતિ અને સમતા અનંત

**કાળ પણ વિસરાવી શકયો નથી સ્મૃતિ આપની**



**ખેતબાઈ હીરાચંદ મોમાયા**
(આદર્શ જીવનસાથી)
અરિહંત શરણ તા. ૬-૫-૨૦૧૪

**સમસ્ત નરશી રતનશી મોમાયા (ડેલીવાળા) પરિવાર** (વરાડીયા)
**ખેતબાઈ હીરાચંદ ચાંપશી મોમાયા પરિવાર** (વરાડીયા -ઘાટકોપર )
**દમયંતી હીરાલાલ ભવાનજી મોમાયા પરિવાર** (ચીંચપોકલી)
**કુસુમ રમેશ ભવાનજી મોમાયા પરિવાર** (વરાડીયા - દેવલાલી)
બહેનો : **સોનબાઈ મણીલાલ દંડ પરિવાર** (બાયઠ)
**પુષ્પાબાઈ મોતીચંદ શિઆડ પરિવાર** (જખૌ - રાયપુર)
સાસરીયા : **દેકાબાઈ અરજણ દેસર મોતા પરિવાર** (વાંકુ)
**દિવ્યા વિરચંદ મોતા • નલિની ચંદ્રકાંત મોતા • ભાવના ગુલાબ મોતા**
**સોનબાઈ રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** (સુથરી - વરલી)
નાનાણા : **મુલજી ઠાકરશી વેરસી પીર** (સુથરી)

**ઋણ સ્વીકાર**

મોમાયા પરિવારના વડીલશ્રીના અરિહંત શરણ નિમિત્તે
વિવિધ રૂપે સાંત્વના આપનારા સૌ સ્વજનો હૃદયપૂર્વક આભાર.....

**ચંદ્રસેન, જીતેન્દ્ર, મીના, પાર્થ, કુંજન,**
**સમસ્ત મોમાયા (ડેલીવાલા) પરિવાર - વરાડીયા**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (14-11-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## ઝી મરાઠીના હોમ મીનીસ્ટર કાર્યક્રમમાં વિશેષ મુલાકાત માટે પસંદગી પામેલ જ્ઞાતિની પરનાતીની પુત્રવધુ હેમાંગી સચીન ગિરીશ બીપીન કુમાર નાગડા (નલીયા)ને મળતાવડી ક.દ.ઓ. જ્ઞાતિમાં પરણાવાનું ગૌરવ છે.



ઝી મરાઠીના હોમ મીનીસ્ટર કાર્યક્રમમાં વિવિધ પાર્શ્વભૂમિવાળી ગૃહિણીઓ પોતાનો ઘર સંસાર કેવી રીતે સંભાળે છે તે વિશે રસપ્રદ વાતચીતથી મહિલાઓને સંતુલિત અને પ્રફુલ્લિત જીવન જીવવાની પ્રેરણા અપાય છે. તાજેતરમાં કચ્છી-ગુજરાતી પરિવારમાં પરણેલી જલગામ પ્રદેશના મરાઠી સમુદાયની કન્યા કચ્છી દશા ઓસવાલ એટલે મરાઠી ભાષીઓની નજરે કચ્છી-ગુજરાતી સમુદાયના પરિવારમાં પરણેલી કન્યા પોતાનો ઘર સંસાર કેવી કુશળ રીતે ચલાવે છે તે જણાવા માટે જ્ઞાતિના મકાન અનંત નિવાસમાં ઉછરેલા



હાલ થાણા રહેતા નલીયાના સચીન ગિરીશ બીપીનકુમારની હોમ મીનીસ્ટર (સહધર્મચારિણી) હેમાંગીની મુલાકાત લેવામાં આવી. તેઓ બન્ને કોમર્સ ગ્રેજ્યુએટ છે અને એક ઑફિસમાં સાથે કામ કરતા હતા. સચીન સીનીયર અને હેમાંગી જુનીયર. સચીને બીન અનુભવી હેમાંગીને એવી સારી રીતે ઓફિસ રુટિનથી પરિચિત કરી કે તે તેને વિશેષ આદરની દૃષ્ટિએ જોવા લાગી...

અનુસંધાન છઠ્ઠા પાને


# Do You Suffer from ?

Stress Anxiety ANGER
Hurt Failure Pain
Disorder Disease Loss



*Root cause of everything that is not working for us is hidden in our AURA and CHAKRA'S*



Life Energy
Integrated Wellness Centre
I am the idea, the medium, and the expression.

*Life Energy Invites you to see your own AURA & CHAKRA enery*

we help you bring about desired changes in your life using various modalities:

- Aura Scanning and Imaging
- Chakra Cleansing and Balancing
- Hypnotherapy
- Emotional Freedom Technique (EFT)
- Crystal Healing
- Meditations
- Tarot Card Reading

To receive key to wellness contact Dhara Lodaya #9769090503
Address: A/9, Gaurav Annex, R.R.T Rd., Mulund West, Mumbai


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,